પ્રધાનમંત્રીનું સયુંકત રાષ્ટ્ર સામાન્ય પરિષદમાં સંબોધન



# E-COPY
## (October-2021)
Part-1

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/10/2021 to 15/10/2021

આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન લોન્ચ કરવામાં આવ્યું




અમૃત 2.0 મિશનની શરૂઆત




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
## Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **1 ઓકટોબર, 2021 ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન 2.0' (AMRUT 2.0) ની સાથે જ 'સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0' (SBM-U 2.0) નવી દિલ્હીમાં ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતેથી લોન્ચ કર્યું હતું.**

→ આ બન્ને મિશનો ભારતના તમામ શહેરોને 'કચરા મુકત' અને 'જળ સુરક્ષિત' બનાવવા માટે ડિઝાઈન કરાયા છે.

→ સ્વચ્છ ભારત મિશન અર્બન કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2014માં ખુલ્લામાં શૌચક્રિયાનો અંત લાવવા અને ઘન કચરાના પ્રબંધનને સુધારવાના ઉદ્દેશથી લોન્ચ કરાયું હતું. હવે આ મિશનનો બીજો તબક્કો વર્ષ 2025-26 સુધી ચાલુ રહેશે.

→ AMRUT 2.0 મિશન શહેરોને આત્મનિર્ભર બનાવવામાં સહાય કરશે. તે બધા જ શહેરોમાં જળ સુરક્ષા સુનિશ્ચિત કરશે. આ મિશન 4,700 શહેરી સ્થાનિક સંસ્થાઓમાં તમામ ઘરોને પાણી પુરવઠાનું 100% આવરણ પૂરું પાડવાના ઉદ્દેશ સાથે લોન્ચ કરાયું છે. આ લક્ષ્યાંક 500 AMRUT શહેરોમાં 2.68 કરોડ નળ જોડાણો અને 100% ગટર જોડાણો આપીને સિદ્ધ કરાશે. આ મિશન માટે રૂ. 2.87 લાખ કરોડની ફાળવણી કરાઈ છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બર, 2021ના રોજ (વિશ્વ પ્રવાસન દિવસ) વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન લોન્ચ કર્યું હતું.**

→ PM મોદીએ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનનો પાઈલટ પ્રોજેકટ 15 ઓગષ્ટ, 2020ના લાલ કિલ્લા પરથી જાહેર કર્યો હતો. આ મિશન નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM) તરીકે પણ ઓળખાય છે. હાલમાં, આ મિશન 6 કેન્દ્રશાસિત પ્રદેશો આંદામાન અને નિકોબાર ટાપુઓ, ચંડીગઢ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ, લદ્દાખ, લક્ષદ્વીપ તથા પુડુચેરીમાં પ્રાયોગિક ચરણમાં અમલી બનાવાયું હતું. મિશનનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ યોગાનુયોગ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (ABPM-JAY)ની ત્રીજી વર્ષગાંઠ સાથે કરાયો હતો.

→ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન ડેટા, માહિતી અને બુનિયાદી માળખાકીય સેવાઓની એક વિસ્તૃત શ્રૃંખલાની જોગવાઈના માધ્યમથી એક સહજ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરશે, જે ખુલ્લા, આંતર સંચાલિત, માપદંડ આધારિત ડિજિટલ સિસ્ટમનો વિધિવત્ લાભ ઉઠાવશે.

→ આ મિશન અંતર્ગત, લોકોને અનોખું ડિજિટલ હેલ્થ ID પૂરું પાડવામાં આવશે. આ ID વ્યકિતઓ સઘળો સ્વાસ્થ્ય રેકોર્ડ્સ જાળવશે. 14 ડિજિટ ધરાવતા આ કાર્ડને તમારા ઈ–મેઈલ ID સાથે પણ જોડી શકાશે, જેથી તમે જ્યારે ઈચ્છો ત્યારે પોતાનો પાછલો હેલ્થ રેકોર્ડ મોબાઈલ પર પણ જોઈ શકશો. આ કાર્ડથી લોકોને મેડિકલ રેકોર્ડની ફાઈલો સાથે રાખવાથી છૂટકારો મળશે. કારણ કે દરેક વ્યકિતની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી હવે આ જ યુનિક IDમાં ડિજિટલી સુરક્ષિત રહેશે. આ મહત્વાકાંક્ષી મિશન પાઈલટ પ્રોજેકટ નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત લોન્ચ કરાયું છે.

→ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનની અમલીકરણ સંસ્થા હશે.

❖ **કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ નાગપુર (મહારાષ્ટ્ર)માં બે વર્ષના પાઈલટ પ્રોજેકટ 'iRASTE' (આઈરાસ્તે) નો શુભારંભ કર્યો છે.**

→ આ એક સહયોગી પ્રોજેકટ છે, જેને ઈન્ટેલ ઈન્ડિયા, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી (IIIT), હૈદરાબાદ, CSIR - સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (CRRI), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તથા નાગપુર નગર નિગમ (NMC) દ્વારા વિકસિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટનો ઉદ્દેશ નાગપુરમાં માર્ગ સુરક્ષા વધારવાનો અને માર્ગ દુર્ઘટનામાં ઘટાડો કરવાનો છે.

❖ **કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા 'ડિજી સક્ષમ કાર્યક્રમ' શરૂ કર્યો છે.**

→ આ ડિજિટલ કૌશલ કાર્યક્રમ યુવાનોની ડિજિટલ કુશળતામાં સુધારો કરીને રોજગારી વધારવાના હેતુથી શરૂ કરવામાં આવ્યો છે.

→ 'ડિજી સક્ષમ' માઈક્રોસોફટ ઈન્ડિયા તથા શ્રમ અને રોજગાર મંત્રાલયની સંયુકત પહેલ છે.

→ આ સંયુકત પહેલ ગ્રામીણ અને અર્ધ–શહેરી વિસ્તારોના યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમોનું વિસ્તરણ છે.

→ ડિજી સક્ષમ પહેલ દ્વારા પ્રથમ વર્ષમાં 3 લાખથી વધુ યુવાનોને પ્રથમ વર્ષમાં મૂળભૂત કુશળતા સાથે અદ્યતન કમ્પ્યુટિંગ સહિત ડિજિટલ કુશળતાની મફત તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ નેશન કેરિયર સર્વિસ (NCS) પોર્ટલ દ્વારા મેળવી શકાય છે.

→ આ પહેલ વંચિત સમુદાયો સંબંધિત અર્ધ–શહેરી વિસ્તારોમાંથી નોકરી શોધનારાઓને પ્રાથમિકતા આપવામાં આવશે, જેમાં કોવિડ–19 મહામારીને કારણે નોકરી ગુમાવનારાઓનો પણ સમાવેશ થાય છે.

→ આ પહેલ અંતર્ગત જાવા સ્ક્રિપ્ટ, ડેટા વિઝ્યુલાઈઝેશન, પાવર BI, HTML, એડવાન્સ એકસેલ, સોફટવેર ડેવલપમેન્ટ ફંડામેન્ટલ્સ, પ્રોગ્રામિંગ લેંગ્વેજ, કોર્ડિંગનો પરિચય વગેરે ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવશે.

❖ **તાજેતરમાં મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ 2 ઓકટોબરના રોજ વડાપ્રધાને 'જળ જીવન મિશન' (JJM) મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે.**

→ આ મોબાઈલ એપ્લિકેશન પાણી સંબંધિત માળખાગત વિગતો, લાભાર્થીઓના ડેટા સેટ અને દરેક ગામ માટે પાણીની ગુણવત્તા અને પ્રદૂષણ સંબંધિત માહિતી આપશે.

→ આ મોબાઈલ એપ્લિકેશનનો હેતુ જળ મિશન અંતર્ગત હિસ્સેદારોમાં જાગૃતિ કેળવવાનો છે તથા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને યોજનાની જવાબદારીમાં સુધારો કરવાનો છે.

→ જળશકિત મંત્રાલય દ્વારા રાજ્યોમાં નળના પાણીના જોડાણોનું કવરેજ દર્શાવવા માટે 'જળ જીવન મિશન' ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે. પાણીની ગુણવત્તા વ્યવસ્થાપન માહિતી પ્રયોગશાળાઓ અને રાજ્યોમાં પ્રાપ્ત અને ચકાસાયેલ પાણીના નમૂનાઓની વિગતો વગેરે ડેટા આ મોબાઈલ એપ દ્વારા એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.

❖ **કેન્દ્રીય કેબિનેટે 6 ઓક્ટોબર, 2021 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત વિઝનના ઉદ્દેશ માટે PM-MITRA યોજનાની મંજૂરી આપી છે.**

→ આ યોજના અંતર્ગત ભારતમાં 7 PM મિત્ર પાર્ક સ્થાપવામાં આવ્યા છે. PM મિત્ર પાર્કની સ્થાપના 5 વર્ષમાં 4,445 કરોડના ખર્ચ સાથે કરવામાં આવશે. આવા પાર્ક સ્થાપવાની જાહેરાત કેન્દ્રીય બજેટ 2021-22માં કરવામાં આવી હતી. PM MITRA પાર્કનું પૂરું નામ Mega Integrated Textile Region and Apparel' પાર્ક થાય છે.

→ આ પાર્ક વિવિધ રાજ્યોમાં ગ્રીનફિલ્ડ અથવા બ્રાઉનફિલ્ડ સાઈટ્સ પર સ્થાપવામાં આવશે. આ પાર્કની સ્થાપનાની બેરોજગારોને 7 લાખ પ્રત્યક્ષ રોજગાર અને 14 લાખ પરોક્ષ રોજગારનો લાભ મળશે.

→ અત્યાર સુધીમાં 10 રાજ્યોએ પંજાબ, ઓડિશા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, આસામ, ગુજરાત, રાજસ્થાન, તેલંગાણા, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં પીએમ મિત્ર પાર્ક સ્થાપવામાં રસ દાખવ્યો છે. દરેક મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ડિઝાઈન સેન્ટર અને ટેસ્ટિંગ સેન્ટર જેવી અન્ય કાપડ સુવિધા હશે.

→ આ દરેક પાર્કમાં કાપડ ઉત્પાદન એકમોની પ્રારંભિક સ્થાપના માટે સ્પર્ધાત્મકતા પ્રોત્સાહન સહાયરૂપે વધારાના 300 કરોડ રૂપિયા આપવામાં આવશે.

→ ઓછામાં ઓછા 100 લોકોને રોજગારી આપતા 'એન્કર પ્લાન્ટ્સ' સ્થાપનારા રોકાણકારો ત્રણ વર્ષ માટે વાર્ષિક 10 કરોડ રૂપિયા સુધીના પ્રોત્સાહનો માટે પાત્ર રહેશે.

→ PM MITRA પહેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 5F વિઝનથી પ્રેરિત છે : "Farm to Fiber ; Fiber to Factory ; Factory to Fashion ; and Fashion to Foreign"

❖ **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં 'સારા નાગરિકો' (Good Samaritans) માટે એક યોજના શરૂ કરી છે.**

→ આ યોજના 15 ઓક્ટોબર, 2021 થી લાગુ થશે અને 31 માર્ચ, 2026 સુધી ચાલશે.

→ આ યોજના હેઠળ અકસ્માતના 'સુવર્ણ કલાક' (ગોલ્ડન અવર)ની અંદર વ્યકિતને હોસ્પિટલમાં લઈ જઈને માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યકિતનો જીવ બચાવનારાઓને અકસ્માત દીઠ રૂ.5000 નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

→ આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ વ્યકિતને વર્ષમાં મહત્તમ પાંચ વખત એવોર્ડ આપી શકાય છે. રોકડ પુરસ્કાર સાથે પ્રશંસાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

→ દરેક કેસમાં પુરસ્કાર ઉપરાંત મંત્રાલય 'સૌથી વધુ યોગ્ય સારા નાગરિકો' (Most Worthy Good Samaritans) ને 10 રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો પણ અપાશે.

→ આખા વર્ષ દરમિયાન સન્માનિત થયેલા લોકોમાંથી 'Most Worthy Good Samaritans'ની પસંદગી કરવામાં આવશે. અને તેમાંથી દરેકને 1,00,000 રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

→ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રોકડ પુરસ્કાર આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન વિભાગને 5 લાખ રૂપિયાનું પ્રારંભિક અનુદાન આપશે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'ઈન્ડિયન સ્પેસ એસોસિએશન' (ISPA)નું લોન્ચિંગ કર્યું.**

→ આ ISPA અવકાશ સુધારણા માટે સરકારનો અભિગમ 4 સ્તંભો પર આધારિત છે. જે ભારતીય અંતરિક્ષ ઉદ્યોગને એકીકૃત કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.

→ ઈન્ડિયન સ્પેસ એસોસિએશનનું પ્રતિનિધિત્વ મુખ્ય સ્થાનિક અને વૈશ્વિક કોર્પોરેશનો દ્વારા હાથ ધરવામાં આવશે, જેમની પાસે અવકાશ અને ઉપગ્રહ તકનીકોમાં અદ્યતન ક્ષમતાઓ છે.

→ ISPA ભારતને આત્મનિર્ભર, તકનીકી રીતે અદ્યતન અને અંતરીક્ષ ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માટે સરકાર અને તેની એજન્સીઓ સહિત ભારતીય અંતરીક્ષ ક્ષેત્રના તમામ હિસ્સેદારો સાથે નીતિ સંકલન અને પરામર્શ કરશે.

→ ISPA ભારતીય અંતરીક્ષ ઉદ્યોગ માટે વૈશ્વિક જોડાણો બનાવવાની નોંધપાત્ર ટેક્નોલોજી અને રોકાણ લાવી શકે તથા વધુ કુશળ નોકરીઓ ઉભી કરી શકશે.

→ સંગઠનનું મુખ્ય લક્ષ્ય ભારતને વ્યાપારી અવકાશ આધારિત સેવા પ્રદાતામાં વૈશ્વિક અગ્રણી બનાવવાની દિશામાં સરકારના પ્રયાસોને પૂરક બનાવવાનું છે.

→ ઈસરોના રોકેટ હાલમાં વિવિધ દેશોના પેલોડ અને સંદેશાવ્યવહાર ઉપગ્રહોને અવકાશમાં લઈ જાય છે, હવે ખાનગી ભાગીદારો પણ આ સંસ્થા સાથે જોડાવાનો પ્રયત્ન કરશે.

→ અવકાશ સુધારણાના ચાર સ્તંભ નીચે મુજબ છે :

(1) ખાનગી ક્ષેત્રને નવીનતાની સ્વતંત્રતા આપવી
(2) પ્રમોટર તરીકે સરકારની ભૂમિકા
(3) યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરવા
(4) સામાન્ય માણસની પ્રગતિ માટે સ્પેસ સેકટરને સાધન તરીકે જોવું

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (MPT) એક્ટ, 1971માં સુધારો કરી MPT ACT, 2021 આવ્યો હતો.**

→ નવા નિયમો હેઠળ ભારતમાં મહિલાઓની અપવાદરૂપ કેટેગરીઓ માટે સગર્ભાવસ્થા સમાપ્ત કરવાની એટલે કે ગર્ભપાતની મર્યાદા 20 થી 24 અઠવાડિયા સુધી વધારી દેવામાં આવી છે.

→ ગર્ભની ખોડખાંપણના કેસોમાં 24 અઠવાડિયા પછી ગર્ભાવસ્થા સમાપ્ત કરી શકાય નહીં તે નક્કી કરવા માટે રાજ્ય સ્તરનું મેડિકલ બોર્ડ રચવામાં આવશે.

→ મેડિકલ બોર્ડ વિનંતી પ્રાપ્ત થયાની તારીખથી ત્રણ દિવસની અંદર ગર્ભાવસ્થાના તબીબી સમાપ્તિ (ગર્ભપાત) માટેની દરખાસ્તને સ્વીકારવી કે નકારવી પડશે. બોર્ડ દ્વારા વિનંતી પ્રાપ્ત થયાના પાંચ દિવસની અંદર ગર્ભપાતની પ્રક્રિયા કરવી આવશ્યક છે. અગાઉ ગર્ભાવસ્થાના 12 અઠવાડિયા સુધી ગર્ભપાત માટે ડોકટરોનો અભિપ્રાય જરૂરી હતો. 12 થી 20 સપ્તાહ વચ્ચેના ગર્ભપાત માટે ડોકટરોની સલાહ લેવી પડતી હતી.

Banking Academy

❖ **તાજેતરમાં ગૃહ મંત્રાલયે આસામ, પશ્ચિમ બંગાળ અને પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદથી 50 કિ.મી. સુધી જપ્તી, તલાશી અને ધરપકડ માટે 'બોર્ડર સિકયુરીટી ફોર્સ' (BSF)ના અધિકાર ક્ષેત્રને વિસ્તારવા માટે એક જાહેરનામું બહાર પાડયું છે.**

→ આ જાહેરનામું 'BSF Act, 1968' હેઠળ 2014ના આદેશને બદલશે, જેમાં મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયનો પણ સમાવેશ થાય છે. તેમા ખાસ કરીને બે નવા કેન્દ્રશાસિત પ્રદેશો 'જમ્મુ–કાશ્મીર' અને લદ્દાખનો પણ સમાવેશ થાય છે.

→ જે ઉલ્લંઘનોમાં બોર્ડર સિકિયુરિટી ફોર્સ તલાશી અને જપ્તિની કામગીરી કરે છે તેમાં નાર્કોટિકસની દાણચોરી, અન્ય પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરી, વિદેશીઓની ગેરકાયદેસર એન્ટ્રી અને સેન્ટ્રલ એકટ હેઠળ શિક્ષાપાત્ર અન્ય ગુનાઓનો સમાવેશ થાય છે.

→ કોઈ શંકાસ્પદની અટકાયત કર્યા પછી અથવા નિયુકત વિસ્તારમાં જથ્થો પ્રાપ્ત કર્યા પછી BSF માત્ર 'પ્રાથમિક પૂછપરછ' કરી શકે છે અને 24 કલાકની અંદર શંકાસ્પદને સ્થાનિક પોલીસને સોંપવો જરૂરી છે. નોંધનીય છે કે BSF પાસે શંકાસ્પદ સામે કેસ ચલાવવાની સત્તા નથી.

→ આ નિર્ણય 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સુરક્ષાને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવામાં મદદ કરશે.

❖ **કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ 8 ઓકટોબર, 2021 ના રોજ 'રાષ્ટ્રવ્યાપી નદી પશુપાલન કાર્યક્રમ' (River Ranching Programme) નો શુભારંભ કરાવ્યો છે.**

→ આ કાર્યક્રમ ઉત્તરપ્રદેશના બૃજઘાટ, ગઢ મુકતેશ્વર ખાતેથી શરૂ કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશની સાથે અન્ય 4 રાજ્યો ઓડિશા, ઉત્તરાખંડ, ત્રિપુરા અને છત્તીસગઢે પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના શુભારંભમાં લગભગ 500 લોકોએ ભાગ લીધો હતો. ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લામાં ગંગાનદીના ચંડી ઘાટ પર 1 લાખ ફિંગરલિંગ્સ (એક પ્રકારની માછલી) ઉછેરવામાં આવી હતી. નદી પશુપાલન કાર્યક્રમ 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' (PMMSY) યોજના અંતર્ગત શરૂ કરવામાં આવ્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ જમીન અને પાણીનો ઉત્પાદક રીતે વિસ્તરણ ઊંડાણ વૈવિધ્યકરણ અને ઉપયોગ કરીને માછલીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો છે.

❖ **'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ' (NHRC) નો 28મો સ્થાપના દિવસ 12 ઓકટોબર, 2021ના રોજ ઉજવવામાં આવ્યો હતો.**

→ સ્થાપના – 12 ઓકટોબર, 1993 મુખ્યાલય – નવી દિલ્હી.

❖ **રેલવેએ દક્ષિણ–મધ્ય રેલવે (SCR)માં પ્રથમ વખત 'ત્રિશુલ' અને 'ગરૂડ' નામની બે લાંબા અંતરની ટ્રેનો માલગાડીઓનું સફળતાપૂર્વક સંચાલન કર્યું છે.**

→ આ ટ્રેનો માલગાડી ટ્રેનોના સામાન્ય માળખા કરતા ઘણી લાંબી છે. 'ત્રિશુલ' દક્ષિણ મધ્ય રેલવેની પ્રથમ લાંબા અંતરની ટ્રેન છે જેમાં ત્રણ માલગાડીઓ એટલે કે 177 વગેનનો સમાવેશ થાય છે. આ ટ્રેનને 'વિજયવાડા' વિભાગના કોંડાપલ્લી સ્ટેશન'થી 'ખુરદા ડિવિઝન ઈસ્ટ કોસ્ટ રેલવે' માટે ફલેગ ઓફ કરવામાં આવી હતી. જ્યારે ગરૂડ ટ્રેન ગુંતકલ વિભાગના રાયચુરથી સિંકદરાબાદ વિભાગના મનગુરૂ સુધી શરૂ કરવામાં આવી હતી. બંને ટ્રેનોમાં મુખ્યત્વે થર્મલ પાવર સ્ટેશન માટે કોલસો લોડ કરવા માટે ખાલી ખુલ્લી વેગન હોય છે.

❖ **સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાને 15 ઓકટોબર, 2021ના રોજ સાત નવી સંરક્ષણ કંપનીઓ રાષ્ટ્રને સમર્પિત કરી હતી.**

→ પ્રધાનમંત્રીએ કહ્યું કે 7 નવી કંપનીઓ ડિફેન્સ સેકટરમાં પ્રગતિ અને આત્મનિર્ભરતાની દિશામાં સરકારના પ્રયાસો આગળ વધારશે. ઓર્ડનન્સ ફેકટરી બોર્ડ (OFB) હેઠળ 7 નવી કંપની અસ્તિત્વમાં આવી જે નીચે મુજબ છે.

(1) Munitions India Limited (MIL)
(2) Armoured Vechicles Nigam Limited (AVNL)
(3) Advanced Weapons and Equipment India Limited (AWE India)
(4) Gliders India Limited (GIL)
(5) Yantra India Limited (YIL)
(6) Troop Comforts Limited (TCL)
(7) India Optel Limited (IOL)

→ સરકારે કાર્યક્ષમતા વધારવા, કાર્યકારી સ્વાયત્તતા અને નવી વિકાસ ક્ષમતાને અનલોક કરવા માટે 200 વર્ષ જૂના OFB સરકારી વિભાગને સાત 100% સરકારી માલિકીની કોર્પોરેટ સંસ્થાઓમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો.

→ ઓર્ડનન્સ ફેકટરી બોર્ડ (OFB) સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન વિભાગ હેઠળ કાર્ય કરે છે.

→ આ હેઠળ 41 ભારતીય ઓર્ડનન્સ ફેકટરીઓ હતી. જેમાંથી હવે 7 'ડિફેન્સ પબ્લિક સેકટર અંડરટેકિંગ્સ' (DPSUs)માં રૂપાંતરિત થઈ ગઈ છે.

## આંતરરાજય

❖ **તાજેતરમાં આસામની 'જુડીમા વાઈન રાઈસ'ને GI ટેગ આપવામાં આવ્યો.**

→ આ સાથે તે પૂર્વોત્તર રાજ્યોમાં GI ટેગને મેળવનાર પ્રથમ આલ્કોહોલિક પીણું બન્યું છે.

→ જુડીમા એ આસામની દિમાસા આદિજાતિ દ્વારા ગ્લુટિનસ ચોખા અથવા ચીકણા ચોખામાંથી ઘરે બનાવવામાં આવતી પરંપરાગત વાઈન છે.

→ સ્ટીકી રાઈસ અને પરંપરાગત ઔષધીઓ દ્વારા બનતી આ વાઈન મીઠો ટેસ્ટ ધરાવે છે. જેને બનાવવા એક અઠવાડિયા જેટલો સમય લાગે છે.

→ GI ટેગ રજિસ્ટ્રેશનનો સમયગાળો 10 વર્ષ સુધીનો હોય છે.

❖ **ઉત્તરાખંડ વન વિભાગે ઉત્તરાખંડનું પ્રથમ પાલમેટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ પાલમેટ ઉત્તરાખંડ રાજ્યના નૈનિતાલ જિલ્લાના હલ્દવાની વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે. આ પાલમેટમાં 'પામ ટ્રી' (તાડનું વૃક્ષ)ની 110 થી વધુ પ્રજાતિઓ છે.



Banking Academy

❖ **તાજેતરમાં 'કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી' (CWMA) એ કર્ણાટકને તમિલનાડુ માટે પાણીનો બાકીનો જથ્થો તાત્કાલિક છોડવાનો નિર્દેશ આપ્યો છે.**

→ કાવેરી જળ વિવાદ ત્રણ રાજ્યો તમિલનાડુ, કેરળ અને કર્ણાટક તથા એક કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી સાથે સંબંધિત છે.

❖ **વિશ્વના સૌથી મોટા રાષ્ટ્રધ્વજનું અનાવરણ લદ્દાખના ઉપરાજયપાલ આર.કે.માથુર દ્વારા 2 ઓકટોબર, 2021ના રોજ લેહમાં કરવામાં આવ્યું હતું.**

→ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા આ 'સ્મારક ખાદી રાષ્ટ્રીય ધ્વજ' તૈયાર કરવામાં આવ્યો છે.

→ આ રાષ્ટ્રધ્વજ અંદાજે 225 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો છે. જેનું વજન લગભગ 1400 કિલો છે. આ રાષ્ટ્રધ્વજમાં અશોકચક્ર છે તેનો વ્યાસ 30 ફૂટ છે.

❖ **વર્લ્ડ બેંકે તાજેતરમાં ચેન્નાઈને વૈશ્વિક કક્ષાનું શહેર બનાવવા માટે 150 મિલિયન ડોલરના કાર્યક્રમને મંજૂરી આપી છે. જેનાથી ચેન્નાઈ વધુ હરિયાળુ રહેવાલાયક અને આબોહવા પરિવર્તન માટે વધુ સ્થિતિસ્થાપક બનશે.**

→ 150 મિલિયન ડોલરનો 'ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ : સસ્ટેનેબલ સર્વિસીસ પ્રોગ્રામ' રાજ્યની સંસ્થાઓને મજબૂત કરશે તથા સેવા એજન્સીઓના નાણાકીય સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ચાર મુખ્ય શહેરી સેવાઓ જેવી કે પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા, ગતિશીલતા, આરોગ્યની ગુણવત્તા સુધારણા અને ઘન કચરાના વ્યવસ્થાપનમાં પણ મદદ કરશે.

❖ **તાજેતરમાં સીડકોપ્ટર ડ્રોનનો ઉપયોગ કરીને તેલંગાણામાં ભારતનું પ્રથમ 'હરા ભરા : એરિયલ સીડિંગ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.**

→ હરાભરા અભિયાનનો ઉદ્દેશ ડ્રોનનો ઉપયોગ કરીને 2030 સુધીમાં એક અબજ વૃક્ષો વાવીને વનીકરણના મિશનને વેગ આપવાનો છે. આ પ્રોજેકટમાં વિસ્તારને હરિયાળો બનાવવા માટે સાંકડી, ઉજ્જડ અને ખાલી જંગલ જમીન પર ડ્રોનનો ઉપયોગ કરીને સીડ બોલનો છંટકાવ કરવામાં આવે છે. સીડકોપ્ટર એ મારૂત ડ્રોન દ્વારા વિકસિત ડ્રોન છે.

❖ **તાજેતરમાં તેલંગાણા સરકારે ભારતની પ્રથમ 'સ્માર્ટફોન આધારિત ઈ–વોટિંગ સિસ્ટમ' વિકસાવી છે, જેનું તેલંગાણાના 'ખમ્મમ' જિલ્લામાં ટૂંક સમયમાં પરીક્ષણ કરવામાં આવશે.**

→ આ દેશની પ્રથમ 'સ્માર્ટફોન આધારિત ઈ–વોટિંગ સિસ્ટમ' હશે. આ સંદર્ભમાં તેલંગાણા ચૂંટણીપંચ દ્વારા 'TSEC e-Vote' નામની એન્ડ્રોઈડ એપનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મતદારનું 'ડિવાઈસ ID' અને 'ફોન નંબર'ને એક વિશિષ્ટ નાગરિક નોંધણી પ્રક્રિયા સાથે એકીકૃત કરવામાં આવશે, જેથી મતદાન કરવા માટે માત્ર એક જ ડિવાઈસનો ઉપયોગ કરી શકાય. જેનાથી સુરક્ષામાં પણ વધારો થશે. આ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ 'એડમિનિસ્ટ્રેટર' અથવા 'એડમિન' દ્વારા વેબ પોર્ટલના માધ્યમથી કરવામાં આવશે. આ ખ્યાલ વરિષ્ઠ નાગરિકો, વિકલાંગો અને બિમાર લોકો માટે છે.

→ રાજ્યની ચૂંટણી પંચ દ્વારા રાજ્યના 'આઈટી વિભાગ'ની 'ઈમિર્જિંગ ટેક્નોલોજી વિંગ' તેમજ 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યુટિંગ'ના સહયોગથી આ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બ્લોકચેન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

❖ **યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં બહુમતી સાથે 14 ઓકટોબર, 2021ના રોજ ભારતને 2022-24ના સમયગાળા માટે 'સંયુકત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ'માં ફરીથી ચૂંટવામાં આવ્યું છે.**

→ નોંધનીય છે કે ભારતની સાથે અમેરિકા સહિત 18 દેશોની પસંદગી કરવામાં આવી છે. આ નિર્ણય સંયુકત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રમાં લેવામાં આવ્યો હતો. સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના આ 18 નવા સભ્યો 2022 થી ત્રણ વર્ષના સમયગાળા માટે સેવા આપશે.

❖ **મણિપુરના સ્વાતંત્ર્ય સેનાનીને શ્રદ્ધાંજલી આપવા માટે કેન્દ્ર સરકારે આંદામાન અને નિકોબારમાં આવેલ એક ટાપુ શિખર 'માઉન્ટ હેરિએટ'નું નામ બદલીને 'માઉન્ટ મણિપુર' રાખવાનો નિર્ણય કર્યો છે.**

→ માઉન્ટ હેરિએટ જે હવે 'માઉન્ટ મણિપુર' એ આંદામાન નિકોબાર ટાપુઓમાં ત્રીજુ સૌથી ઊંચુ ટાપુ શિખર છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાને ઉત્તરપ્રદેશના કુશીનગર ખાતે 'કુશીનગર આંતરરાષ્ટ્રીય હવાઈ મથક'નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મળતા હવે બુદ્ધ સર્કિટના વિકાસમાં ફાયદો થશે. અને પર્યટનમાં વધારો થશે.

❖ **તાજેતરમાં આસામ રાજય સરકારે જાહેરાત કરી હતી કે 'લુની–સોલોર કેલેન્ડર–ભાસ્કરબદા' રાજયમાં સત્તાવાર કેલેન્ડર તરીકે ઉપયોગમાં લેવાશે.**

→ હાલમાં આસામ સરકાર શક કેલેન્ડર અને ગ્રેગોરિયન કેલેન્ડરનો સત્તાવાર કેલેન્ડર તરીકે ઉપયોગ કરે છે.

→ 'ભાસ્કરબદા' કેલેન્ડરમાં યુગની શરૂઆતને 7મી સદીના સ્થાનિક શાસક ભાસ્કર વર્મનના સ્વર્ગારોહણની તારીખથી માનવામાં આવે છે. આ કેલેન્ડર ચંદ્ર અને સૌરવર્ષ બંને પર આધારિત છે.

❖ **મધ્યપ્રદેશ રાજ્ય સરકારે ગરીબ આદિવાસી પરિવારો માટે 'મુખ્યમંત્રી રાશન આપકે દ્વાર' યોજના અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે**

→ આ યોજનાથી 16 જિલ્લાના 74 વિકાસ બ્લોકમાં લગભગ 7511 ગામોના આદિવાસી પરિવારોને લાભ થશે. ગામડાઓમાં વાહનો દ્વારા રાશન સામગ્રીનું વિતરણ કરવામાં આવશે.

❖ **પંજાબના મુખ્યમંત્રી શ્રી ચરજીતસિંહ ચન્નીએ 'મેરા ઘર મેરે નામ' યોજના શરૂ કરી છે.**

→ આ યોજના એવા લોકોને માલિકીના અધિકારો આપશે જેઓ શહેરો તેમજ ગામડાઓની રેડ લાઈનના મકાનોમાં રહે છે. રેડ લાઈન એ જમીનનો ઉલ્લેખ કરે છે જે ગામના વસાહતનો ભાગ છે. આવી જમીનનો ઉપયોગ બિન–કૃષિ હેતુઓ માટે થાય છે. અગાઉ આ યોજના માત્ર ગામોના રહેવાસીઓ માટે જ શરૂ કરવામાં આવી હતી. પરંતુ હવે તે રેડ લાઈનમાં શહેરોના લાયક રહેવાસીઓ માટે વિસ્તૃત કરવામાં આવી છે.

- **તાજેતરમાં મેઘાલયની ચૂનાની 'મૌસમઈ ગુફા' (Mawsmai Cave) માં જ્યોરિસા મૌસમઈએન્સિસ નામની સૂક્ષ્મ ગોકળગાયની એક પ્રજાતિ મળી આવી છે. આ પ્રજાતિ છેલ્લે 170 વર્ષ પહેલા જોવા મળી હતી.**
  - → આ નવી પ્રજાતિ સમાન જ્યોરિસા સરિતા જાતિના અન્ય સભ્ય, વર્ષ 1851માં ચેરાપુંજી નજીક મુસમાઈ (માવસ્માઈ) ખીણમાં જોવા મળ્યા હતા.
  - → જ્યોરિસા જાતિના સભ્યો આફ્રિકા, એશિયા અને પેસિફિકમાં વ્યાપકપણે વિતરિત થાય છે. જો કે તેઓ ચૂનાના પત્થરના વિસર્જનથી રચાયેલા ચૂનાના પત્થરોની ગુફાઓ અથવા કાર્સ્ટ લેન્ડસ્કેપ્સ ધરાવતાં સૂક્ષ્મ વસવાટો સુધી મર્યાદિત છે.
- **તાજેતરમાં હરિયાણા સરકારે સરકારી શાળાઓમાં ધોરણ 12 સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે 'મફત શિક્ષણ'ની જાહેરાત કરી છે.**
  - → રાજ્ય સરકારની જાહેરાત મુજબ ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ પાસેથી શાળાઓમાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં, તેમજ તેમને મફત પુસ્તકો પણ આપવામાં આવશે.

## ગુજરાત

- **તાજેતરમાં ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા ગુજરાતમાં 2 થી 8 ઓકટોબર, 2021 દરમિયાન 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી.**
  - → મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી સપ્તાહનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સહભાગી થઈને સમાપન કરાવ્યું હતું.
- **ડેનમાર્ક વડાપ્રધાન શ્રી મેટ ફ્રેડરિકસન ભારતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન તેમણે દિલ્હી સ્થિત 'ગરવી ગુજરાત ભવન'ની મુલાકાત લીધી હતી.**
  - → વર્ષ 2019માં વડાપ્રધાન દ્વારા નવી દિલ્હી ખાતે ગુજરાતના રાજ્યભવન 'ગરવી ગુજરાત ભવન'નું લોકાપર્ણ કર્યું હતું. ભારતની રાજધાની દિલ્હીમાં નિર્માણ પામેલું આ પ્રથમ ઈકો–ફ્રેન્ડલી રાજ્યભવન છે.
- **ગુજરાત રાજ્યના પર્યટન અને યાત્રાધામ વિકાસમંત્રીએ જાહેરાત કરી કે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ યાત્રા માટે આદિવાસી સમૂદાયના લોકોને વ્યકિત દીઠ રૂ. 500ની આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે.**
  - → આ ઉપરાંત એ પણ જાહેરાત કરી કે દર વર્ષે રાજ્ય કક્ષાનો 'દશેરા મહોત્સવ' ભગવાન રામ સંબંધિત વિવિધ તીર્થ સ્થળોએ યોજવામાં આવશે.
- **તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે છોટા ઉદેપુરના અલ્હાદપુરાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતેથી PCV વેકસીનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.**
  - → ન્યુમોકોકલ કન્જુગેટ રસી (PCV) બાળકોને ન્યૂમોનિયા અને મગજના તાવ સામે સુરક્ષા કવચ પૂરૂ પાડે છે. ભારત સરકાર દ્વારા રસીકરણ કાર્યક્રમ અન્વયે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આ વેકિસન બાળકોને વિનામૂલ્યે આપવામાં આવશે. 6 અઠવાડિયે આ વેકિસનના પ્રથમ ડોઝ, 14 અઠવાડિયે બીજો ડોઝ અને 9 મહિના બાદ ત્રીજો બૂસ્ટર ડોઝ વેકિસન આપવામાં આવશે.
- **મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'સેવા સેતુ કાર્યક્રમ'ના સાતમા તબક્કાનો પ્રારંભ અમદાવાદ જિલ્લાના સાણંદના મણિપુર ગામેથી કરાવ્યો હતો.**
  - → આ કાર્યક્રમ અંતર્ગત લોકોને 56 જેટલી સેવાઓ તેમજ સહાય ઘરઆંગણે મળી રહે તેવા ઉદ્દેશથી શરૂ કરી શકાય છે.

## આંતરરાષ્ટ્રીય

- **તાજેતરમાં ભારતના વડાપ્રધાને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સાથેની તેમની પ્રથમ બેઠકમાં ભાગ લીધો હતો.**
  - → આ બંને નેતાઓએ કોવિડ–19 મહામારી, આબોહવા પરિવર્તન, આર્થિક સહયોગ સહિત અનેક અગ્રતા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમજ ભારત–અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અને લોકશાહી, અફઘાનિસ્તાન અને ઈન્ડો–પેસેફિક ક્ષેત્ર માટે જોખમો સહિત સામાન્ય હિતના વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- **તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના 76મા સત્રને સંબોધિત કર્યું.**
  - → થીમ : "COVID-19 માંથી સ્વસ્થ થવાની આશા દ્વારા સ્થિતિસ્થાપક વલણ બનાવવું, કાયમી પુનઃનિર્માણ, ગ્રહની જરૂરિયાતોને પ્રતિભાવ આપવો, લોકોના અધિકારોનું સન્માન કરવું અને સંયુકત રાષ્ટ્રને પુનર્જીવિત કરવું.
  - → વડાપ્રધાને COVID-19 મહામારી, આંતકવાદનો ખતરો, આબોહવા પરિવર્તન સામે લડવા માટે ભારતની કાર્યવાહી અને મહાસાગરોમાં નેવિગેશનની સ્વતંત્રતાની રક્ષા કરવાની જરૂરિયાત જેવા વિષયો પર વાત કરી હતી.
  - → વડાપ્રધાને જણાવ્યું હતું કે વિશ્વ રિગ્રેસિવ વિચાર અને ઉગ્રવાદના વધતા ખતરાનો સામનો કરી રહ્યું છે અને ઘણા દેશો 'આતંકવાદને રાજકીય સાધન' તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમજ વધુમાં જણાવ્યું હતું કે અફઘાન ભૂમિનો આતંકવાદ પ્રવૃત્તિ માટે ઉપયોગ ન થાય તે માટે તમામ દેશોએ ધ્યાન રાખવું જરૂરી છે અને UNSC ઠરાવ 2593નું પાલન કરવા પર ભાર આપ્યો.
- **International Consortium of Investigation Journalism (ICIJ) માં વિદેશમાં રોકાયેલા નાણાં સંબંધિત લાખો દસ્તાવેજો લીક થયા બાદ 'પેન્ડોરા પેપર્સ' તાજેતરમાં ચર્ચામાં રહ્યા. પેન્ડોરા પેપર્સ લીકમાં 300થી વધુ ભારતીયોના નામ સામે આવ્યા છે.**
  - → આ એક લીક છે જે છુપાયેલી સંપત્તિ, કરચોરી પદ્ધતિઓ, વિશ્વના કેટલાક સમૃદ્ધ અને શકિતશાળી લોકો દ્વારા મની લોન્ડરીંગને સામે લાવે છે.
  - → 117 જેટલા દેશોના 600 થી વધુ પત્રકારો અને 140 મીડિયા સંગઠનોએ કેટલાક મહિનાઓ સુધી સતત કામ કર્યું અને 14 જુદા જુદા સ્ત્રોતોમાંથી દસ્તાવેજોની તપાસ કરતી વખતે તમામ ખુલાસા કર્યા છે.

→ 'પેન્ડોરા પેપર્સ લીક' બતાવે છે કે ટ્રસ્ટનો ઉપયોગ બિઝનેસ પરિવારો અને અમીર ધનિકો દ્વારા ઓફશોર કંપનીઓ સાથે રોકાણ અને અન્ય સંપત્તિઓ રાખવા માટે કરવામાં આવે છે.

→ આ લીક વર્ણવે છે કે કેવી રીતે શ્રીમંતોએ અધિકારક્ષેત્રોમાં સંપત્તિ પ્લાનિંગ માટે જટિલ બહુસ્તરીય ટ્રસ્ટ સ્ટ્રકચરની સ્થાપના કરી હતી.

❖ **'ભારત–જાપાન સમુદ્રી દ્વિપક્ષીય અભ્યાસ' (JIMEX) ની પાંચમી આવૃત્તિ 6 થી 8 ઓકટોબર દરમિયાન અરબસાગરમાં યોજાઈ હતી.**

→ આ સમુદ્રી અભ્યાસ ભારતીય નૌકાદળ અને જાપાની મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JMSDF) વચ્ચે હાથ ધરવામાં આવે છે.

→ ભારત તરફથી આ અભ્યાસમાં ગાઈડેડ મિસાઈલ સ્ટેઈલ્થ ડિસ્ટ્રોયર કોચી અને ગાઈડેડ મિસાઈલ ફ્રેગેટ ટેગએ ભાગ લીધો હતો.

❖ **ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ 2030 રોડમેપના ભાગરૂપે વીજળી, સ્વચ્છ પરિવહન, નવીનીકરણીય ઊર્જા, ગ્રીન ફાઈનાન્સ અને સંશોધન જેવા પાસાઓ માટે 'ફોરવર્ડ એકશન પ્લાન' પર સંમત થયા છે.**

→ ફોરવર્ડ એકશન પ્લાનમાં બહુપક્ષીય સહયોગની જરૂરિયાત તેમજ સ્માર્ટ ગ્રીડ, ઊર્જા સંગ્રહ, ગ્રીન હાઈડ્રોજન, મૂળભૂત ચાર્જિંગ માળખું, બેટરી સંગ્રહ અને નવીનીકરણીય ઊર્જા માટે રોકાણ એકત્ર કરવાની જરૂરિયાત સહિતના વિષયોનો સમાવેશ થાય છે.

❖ **ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી સહકારને વધુ ગાઢ બનાવવા 15 ઓકટોબર, 2021 થી અલાસ્કા (USA) માં 15 દિવસની મેગા લશ્કરી કવાયત 'યુદ્ધ અભ્યાસ'ની 17મી આવૃત્તિ યોજાય હતી.**

→ ભારતીય પક્ષ તરફથી ભાગ લેનાર ટીમમાં થલસેના બટાલિયનના 350 સૈનિકોનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે 'યુદ્ધ અભ્યાસ' ભારત અને અમેરિકા વચ્ચે સૌથી મોટું સંયુકત લશ્કરી તાલીમ અને સંરક્ષણ સહયોગ છે.

❖ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 ઓકટોબર, 2021ના રોજ G-20ના નેતાઓની સમિટમાં હાજરી આપી હતી.**

→ અફઘાનિસ્તાનની સ્થિતિ પર ચર્ચા કરવા માટે G-20ના અસાધારણ નેતાઓનું સમિટ યોજાયું હતું. આ બેઠક ઈટાલીની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

→ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અફઘાનિસ્તાન પર 'SCO-CSTO' આઉટરીચ સમિટમાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે પ્રદેશમાં શાંતિ અને સુરક્ષાને લગતા પડકારો પર પ્રકાશ પાડયો હતો.

❖ **રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (RAN), જાપાન મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JMSDF) અને યુનાઈટેડ સ્ટેટ્સ નેવી (USN) સાથે ભારતીય નૌકાદળ 'મલાબાર અભ્યાસ' નામની બહુપક્ષીય દરિયાઈ કવાયતના બીજા તબક્કામાં ભાગ લીધો છે.**

→ 12 ઓકટોબરથી 15 ઓકટોબર, 2021 સુધી બંગાળની ખાડીમાં માલાબાર કવાયત હાથ ધરવામાં આવી. આ અભ્યાસમાં INS રણવિજય, INS સાતપુરાની સાથે સાથે ભારતીય નૌસેનાના P8I લોન્ગ રેન્જ મેરિટાઈમ પેટ્રોલ વિમાને ભાગ લીધો હતો.

❖ **તાજેતરમાં ભારત અને શ્રીલંકા આર્મી વચ્ચે સંયુકત લશ્કરી કવાયત 'મિત્ર શકિત'ની 8મી આવૃત્તિ શ્રીલંકાના અમ્પારા ખાતે યોજાઈ હતી.**

→ આ લશ્કરી કવાયતનો મુખ્ય ઉદ્દેશ બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચે ગાઢ સંબંધો અને આંતર–કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા તથા વિદ્રોહી નિવારણ અને આતંકવાદ વિરોધી કામગીરીમાં શ્રેષ્ઠ પ્રયાસોને વહેંચવાનો છે.

❖ **કોર્ટેવા એગ્રીસાયન્સ દ્વારા જાહેર થયેલ 'ગ્લોબલ ફૂડ સિકયુરિટી (GFS) ઈન્ડેકસ 2021'માં ભારતને 113 દેશોની યાદીમાંથી 71મું સ્થાન પ્રાપ્ત થયું છે.**

→ આ ઈન્ડેકસમાં 84ના સ્કોર સાથે આયર્લેન્ડ પ્રથમ ક્રમે છે. જયારે બીજા ક્રમે ઓસ્ટ્રેલિયા અને ત્રીજા ક્રમે U.K. રહ્યું છે, અને અંતિમ ક્રમાંકે બરુન્ડી રહ્યું હતું.

→ ગ્લોબલ ફૂડ સિકયુરિટી (GSF) ઈન્ડેકસના 4 મુખ્ય માપદંડો :

(1) ખોરાકની પોષણ ક્ષમતા
(2) ખોરાકની ઉપલબ્ધતા
(3) ખોરાકની ગુણવત્તા અને સલામતિ
(4) કુદરતી સંસાધનો અને ઈકોલોજી

❖ **તાજેતરમાં ભારત, અમેરિકા, સંયુકત અરબ અમીરાત અને ઈઝરાયેલ ભેગા મળી એક નવું કવાડ (QUAD) સંગઠન બનાવશે.**

→ ચીનની વધતી જતી દ્રઢતાને રોકવા માટે અમેરિકાએ તેની 'એશિયા નીતિ' હેઠળ કવાડ (QUAD) પહેલ અને ઈન્ડો પેસિફિક નેરેટિવ વગેરે શરૂ કર્યા છે.

→ નોંધનીય છે કે ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા દ્વારા પણ કવાડ સમૂહની રચના કરી છે.

❖ **જાપાનમાં માઉન્ટ 'એસો' નામનો સક્રિય જ્વાળામુખી 20 ઓકટોબર, 2021ના રોજ ફાટયો હતો.**

→ જાપાન પેસિફિક 'રિંગ ઓફ ફાયર' પર સ્થિત છે જ્યાં મોટા પાયે ભૂકંપ અને જ્વાળામુખી નોંધાય છે.

❖ **એક રિપોર્ટ મુજબ ચીને ઓગષ્ટ, 2021માં પરમાણુ સક્ષમ હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું છે.**

→ આ રિપોર્ટ અનુસાર મિસાઈલ લોન્ચિંગને ચીને ગુપ્ત રાખ્યું હતું. આ મિસાઈલ પરીક્ષણ બતાવે છે કે ચીને હાઈપરસોનિક હથિયારો પર પ્રભાવશાળી પ્રગતિ કરી છે. આ પરીક્ષણ યુ.એસ કરતા અદ્યતન હતું.

❖ **દક્ષિણ કોરિયાએ 21 ઓકટોબર, 2021ના રોજ પોતાનું પ્રથમ અવકાશ રોકેટ લોન્ચ કર્યું હતું.**

→ તે દક્ષિણ કોરિયામાં સંપૂર્ણ રીતે વિકસિત અને ઉત્પાદિત પ્રથમ રોકેટ છે. જોકે તેને પરીક્ષણ ઉપગ્રહને ભ્રમણ કક્ષામાં સફળતાપૂર્વક ગોઠવવા માટે નિષ્ફળતા મળી હતી. આ રોકેટને 'નુરી' (Nuri) તરીકે ઓળખવામાં આવે છે.

❖ **યુનાઈટેડ નેશન્સે અફઘાનિસ્તાન માટે એક વિશેષ ટ્રસ્ટ ફંડની સ્થાપના કરી છે, જેથી અફઘાનિસ્તાનોને તાત્કાલિક જરૂરી રોકડ મળી રહે.**

→ ઓગષ્ટ 2021માં તાલિબાનોએ સત્તા સંભાળી ત્યારથી સ્થિર થયેલા દાતાઓના ભંડોળનો ઉપયોગ કરીને સિસ્ટમ દ્વારા આ વિશેષ ટ્રસ્ટ ફંડની સ્થાપના કરવામાં આવી છે. જર્મની આ ફંડમાં પ્રથમ ફાળો આપનાર દેશ બન્યો છે.

❖ **ભારતે 22 ઓકટોબર, 2021 ના રોજ નેપાળ સરકારને જયનગર–કુર્થા રેલવે લિંક ઔપચારિક રીતે સોંપી હતી.**
→ આ રેલવે લિંકના નિર્માણ માટે ભારત સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું.

## અર્થવ્યવસ્થા

❖ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી પિયુષ ગોયલે 'ઈઝ ઓફ લોજિસ્ટિકસ પોર્ટલ' લોન્ચ કર્યું હતું.**
→ આ પોર્ટલને લોન્ચ કરતા સમયે શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે 'બિઝનેસના નિયમો' તમામ હિસ્સેદાર માટે સમાન હોવા જોઈએ. 'ફેડરેશન ઓફ ઈન્ડિયા એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશન' (FIEO) દ્વારા આયોજિત 'કોમર્સ વીક એવોર્ડ સેરેમની' દરમિયાન આ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ઈઝ ઓફ લોજિસ્ટિકસ પોર્ટલ એક વેપાર સુવિધા પોર્ટલ છે જેને FIEO દ્વારા વિકસાવવામાં આવ્યું છે. નિકાસકારો અને લોજિસ્ટિકસ સર્વિસ પ્રોવાઈડર્સને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે તેને શરૂ કરવામાં આવ્યું છે.

❖ **વર્લ્ડ બેંકના 'Shifting Gears : Digitization and Services – Led Development' રિપોર્ટ અનુસાર 2021-22ના નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં 8.3% ની વૃદ્ધિ થવાનો અંદાજ છે.**
→ આ રિપોર્ટ અનુસાર આગામી નાણાકીય વર્ષમાં ભારતની આર્થિક સંભાવનાઓ કોવિડ–19 સામે રસીકરણની ગતિ તથા કૃષિ અને શ્રમ સુધારાઓના સફળ અમલીકરણ દ્વારા નક્કી કરવામાં આવશે.
→ ભારતના કુલ ઘરેલું ઉત્પાદન (GDP)માં નાણાકીય વર્ષ 2021-22ના પ્રથમ કવાર્ટર (એપ્રિલ–જૂન કવાર્ટર)માં 'એક મહત્વપૂર્ણ આધાર અસર, સ્થાનિક માંગને મર્યાદિત નુકશાન અને મજબૂત નિકાસ વૃદ્ધિ'ની પૃષ્ઠભૂમિમાં 20.1% ની વૃદ્ધિ થઈ છે.
→ દેશવ્યાપી કોરોના વાયરસ લોકડાઉનને કારણે નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ કવાર્ટરમાં ભારતની GDPમાં 24.4% નો ઘટાડો થયો છે.

❖ **RBI દ્વારા તાજેતરમાં પોતાની દ્વિમાસિક નાણાકીય નીતિ બહાર પાડી હતી.**
→ RBI દ્વારા સતત આઠમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યો છે. વૃદ્ધિને પુનર્જીવિત અને ટકાવી રાખવા તથા કોવિડ–19 મહામારીની અસરને ઘટાડવા માટે રેપો રેટ 4% પર યથાવત રાખ્યો છે. જ્યારે રિવર્સ રેપો રેટને પણ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
→ Marginal Standing Facility – (MSF) દર અને બેંક દરને પણ પહેલાની જેમ 4.25% પર યથાવત રાખવામાં આવ્યો છે. RBIએ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતના GDPને 9.5% પર જાળવી રાખ્યો છે. નાણાકીય વર્ષ 2021-22 માટે CPI ફુગાવો 5.3% રહેવાનો અંદાજ છે.
→ RBIના જણાવ્યા અનુસાર અનાજના રેકોર્ડ ઉત્પાદનના પરિણામે આગામી મહિનાઓમાં ખાદ્ય ફૂગાવો નીચે રહેવાની ધારણા છે.

❖ **તાજેતરમાં 'યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (UNDP) અને 'ઓકસફર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશીયેટીવ' (OPHI) દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021' (Global Multidimensional Poverty Index, 2021) બહાર પાડવામાં આવ્યો છે.**
→ આ ઈન્ડેકસ 109 દેશોમાં 5.9 અબજ લોકોને આવરી લઈને બહુપરીમાણીય ગરીબીના સ્તર અને માળખાની તપાસ કરે છે.
→ આ અહેવાલ મુજબ 1.3 અબજ લોકો બહુપરીમાણીય રીતે ગરીબ છે. જેમાંથી લગભગ અડધા (644 મિલિયન) 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો છે. આશરે 85% ઉપ–સહરા આફ્રિકા (556 મિલિયન) અથવા દક્ષિણ એશિયા (532 મિલિયન)માં રહે છે. 67% થી વધુ મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે. 80 દેશો અને પાંચ અબજ લોકોમાંથી (જેના માટે સામયિકો અને ડેટા બંને ઉપલબ્ધ છે) ઓછામાં ઓછા એક સમયગાળામાં 70 દેશોએ MPI (બહુપરિમાણીય ગરીબી સૂચકાંક)ને ઘટાડયું છે. જેમાંથી સીએરા લિયોના (2013-2017)માં સૌથી ઝડપી પરિવર્તન આવ્યું છે.
→ કેટલાક દેશોએ તેમના સૌથી ગરીબ પ્રદેશોમાં સૌથી સંપૂર્ણ ઘટાડો જોયો છે, જેમણે કોઈને પણ પાછળ ન છોડવાના તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં મદદ કરી છે. આ પ્રદેશોમાં લાઈબેરિયામાં ઉત્તર મધ્ય (2013-2019/2020) અને નેપાળમાં પ્રાંત 2 (2016-2019)નો સમાવેશ થાય છે.
→ વિશ્વભરમાં બહુપરીમાણીય ગરીબોમાંથી લગભગ બે તૃતીયાંશ એવા ઘરોમાં રહે છે જ્યાં કોઈ મહિલા કે દીકરીએ ઓછામાં ઓછા 6 વર્ષનું શિક્ષણ પૂરું કર્યું નથી.
→ અનુસૂચિત જનજાતિ જૂથ જે 9.4% વસતી ધરાવે છે, તે ભારતમાં સૌથી ગરીબ છે. 129 મિલિયન લોકોમાંથી 65 મિલિયન લોકો બહુપરીમાણીય ગરીબીમાં જીવી રહ્યા છે. 283 મિલિયન અનુસૂચિત જાતિ જૂથમાંથી 94 મિલિયન બહુપરીમાણીય ગરીબીમાં જીવી રહ્યા છે.

❖ **તાજેતરમાં ભારત સરકારે લોજિસ્ટિકસ ખર્ચ ઘટાડવા માટે મૂળભૂત માળખાગત પ્રોજેકટના સંકલિત અને અમલ માટે મહત્વાકાંક્ષી ગતિ શકિત યોજના અથવા 'નેશનલ માસ્ટર પ્લાન ફોર મલ્ટી–કનેકિટીવ પ્લાન' શરૂ કર્યો છે.**
→ આયોજનનો મુખ્ય ઉદ્દેશ જમીની સ્તર પરના કામને વેગ આપવા, ખર્ચ ઘટાડવા અને રોજગાર ઉત્પન્ન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને આગામી ચાર વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સનું સંકલિત આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે.
→ ગતિ શકિત યોજના હેઠળ વર્ષ 2019માં શરૂ કરવામાં આવેલી 110 લાખ કરોડ રૂપિયાની 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈન'ને આવરી લેવામાં આવશે.
→ લોજિસ્ટિકસ ખર્ચ ઘટાડવા ઉપરાંત, આ યોજનાનો ઉદ્દેશ વેપાર વધારવા માટે કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધારવા અને બંદરો પર ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવાનો છે. તે 11 ઔદ્યોગિક કોરિડોર અને બે નવા સંરક્ષણ કોરિડોર (એક તમિલનાડુમાં અને બીજો ઉત્તરપ્રદેશમાં) બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.
→ આ અંતર્ગત 4G કનેકિટવિટી તમામ ગામોમાં વિસ્તૃત કરવામાં આવશે. આ ઉપરાંત ગેસ પાઈપલાઈન નેટવર્કમાં 17,000 કિ.મી.ની ક્ષમતા ઉમેરવાની યોજના બનાવવામાં આવી રહી છે. તે વર્ષ 2024-25 માટે સરકાર દ્વારા નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે, જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કની લંબાઈ 2 લાખ કિ.મી. સુધી વધારવી, 200 થી વધુ નવા એરપોર્ટ, હેલિપાર્ટસ અને વોટર એરોડ્રોમ્સના નિર્માણનો સમાવેશ થાય છે.
→ તે મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રકચર સંબંધિત 16 મંત્રાલયોને એક સાથે લાવવા પર ભાર મૂકે છે. જે સમયસર રીતે ઈન્ફ્રાસ્ટ્રકચરની ક્ષમતા વધારવામાં અને ઉપયોગમાં લેવા માટે તેમજ અનબાઉન્ડ પ્લાનિંગ, સ્ટાન્ડર્ડાઈઝેશનનો અભાવ, કિલયરન્સ પડકાર જેવી લાંબી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરશે.

→ ગતિ શકિત ડિજિટલ પ્લેટફોર્મ સમૂહમાં એક છત્ર પ્લેટફોર્મની રચનાનો સમાવેશ થાય છે, જેના દ્વારા વિવિધ મંત્રાલયો / વિભાગો વચ્ચે વાસ્તવિક સમય સંકલન દ્વારા માળખાગત પ્રોજેક્ટ્સનું નિર્માણ અને અસરકાર રીતે અમલ કરી શકાય છે.

→ આ યોજના હાલના અને સૂચિત કનેકિટીવિટી પ્રોજેકટ્સના મેપિંગમાં મદદ કરશે. આ સાથે દેશના વિવિધ પ્રદેશો અને ઔદ્યોગિક કેન્દ્રોને જોડવાની યોજના પર તેમના દ્વારા સ્પષ્ટ થશે. એક સાકલ્યવાદી અને સંકલિત પરિવહન જોડાણ વ્યૂહરચના 'મેક ઈન ઈન્ડિયા'ને ટેકો આપશે અને પરિવહનની વિવિધ રીતોને એકીકૃત કરશે. આ યોજનાથી ભારતને વિશ્વની વેપાર રાજધાની બનાવવામાં મદદ મળશે.

→ સમન્વયના અભાવ અને વિસ્તૃત માહિતી વહેંચણીને કારણે મેક્રો પ્લાનિંગ અને માઈક્રો અમલીકરણ વચ્ચે વિશાળ અંતર અસ્તિત્વમાં છે, કારણ કે વિભાગો ઘણીવાર અલગતાની સ્થિતિમાં કામ કરે છે. એક અભ્યાસ મુજબ ભારતમાં લોજિસ્ટિકસનો ખર્ચ જીડીપીના લગભગ 13% છે, જે વિકસિત દેશો કરતા વધારે છે.

→ આ લોજિસ્ટિક ખર્ચને કારણે ભારતની નિકાસ સ્પર્ધાત્મકતામાં પણ ઘટાડો થયો છે. આ યોજનાનું અમલીકરણ 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) સાથે સંકલનમાં કરવામાં આવશે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે સરકારી માલિકીની 'પાવર ફાઈનાન્સ કોર્પોરેશન'ને 'મહારાત્ન'નો દરજ્જો આપવામાં આવ્યો.**

→ નાણાં મંત્રાલય હેઠળના 'જાહેર સાહસ વિભાગ' દ્વારા આ સંબંધિત આદેશ જાહેર કરવામાં આવ્યો છે. પાવર ફાઈનાન્સ કોર્પોરેશન 'મહારત્ન' કંપનીઓની પ્રતિષ્ઠિત શ્રેણીમાં પ્રવેશ કરનાર દેશની 11મી સરકારી માલિકીની સંસ્થા બની છે.

❖ **તાજેતરમાં 14 ઓકટોબર, 2021 ના રોજ આયર્લેન્ડની Concern World Wide અને જર્મનીની Welt Hunger Hilfe દ્વારા વર્ષ 2021નો ગ્લોબલ હંગર ઈન્ડેકસ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.**

→ આ ઈન્ડેકસમાં કુલ 116 દેશોમાં ભારત 101માં ક્રમે છે. જેમાં ગયા વર્ષે ભારત 94માં ક્રમે હતું. વર્ષ 2021ના આ ઈન્ડેકસમાં બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, બ્રાઝિલ, ચીલી, ચીન, કયુબા, કુવૈત સહિતના કુલ 18 દેશોઓ પ્રથમ ક્રમે સમાવેશ થાય છે.

→ પ્રથમ ક્રમે આ 18 દેશો બાદ આર્જેન્ટિના અને કોસ્ટા રિકા 19મા ક્રમે છે. આ ઈન્ડેકસમાં પડોશી દેશ જેવા કે પાકિસ્તાન 92માં ક્રમે, બાંગ્લાદેશ 76માં ક્રમાંકે અને શ્રીલંકા 65માં ક્રમે છે. આ ઈન્ડેકસમાં સોમાલિયા અંતિમ 116માં ક્રમે છે.

→ ભારતનો GHI સ્કોર પણ નીચે આવી ગયો છે. વર્ષ 2021 ના ભૂખમરાને લગતા આ ઈન્ડેકસમાં ભારતને 27.5 અંક મળ્યા છે. આ અંક ભારતમાં કુપોષણની 'ગંભીર' (Serious) સ્થિતિ દર્શાવે છે.

→ માપદંડો :

(1) ઓછુ પોષણ
(2) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઊંચાઈના પ્રમાણમાં વજન
(3) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈ
(4) બાળ મૃત્યુદર

❖ **તાજેતરમાં મળેલી FATFની બેઠકમાં પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં ફરીથી યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો છે.**

→ આ ઉપરાંત FATFએ જોર્ડન, માલી અને તુર્કીને પણ 'ગ્રે લિસ્ટ'માં સામેલ કરવાની જાહેરાત કરી છે. જ્યારે બોત્સવાના અને મોરેશિયસને ગ્રે લિસ્ટમાંથી બહાર કરવામાં આવ્યા હતા.

→ FATFનું પૂરું નામ 'Financial Action Task Force' (On Money Laundering) છે. તેની સ્થાપના વર્ષ 1989માં કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ મનીલોન્ડરિંગ અને કાળાનાણાંને દૂર કરવું તેમજ ટેરર ફાઈનાન્સિંગ અટકાવવાનું છે.

❖ **નાણાં મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી સંજીવ સાન્યાલની ભલામણના આધારે ભારતીય રેલવેએ 'ભારતીય રેલવે સ્ટેશન વિકાસ નિગમ' (IRSDC) ના વિસર્જનનો આદેશ આપ્યો છે.**

→ પ્રોજેકટ સંબંધિત તમામ દસ્તાવેજો તેમજ IRSDC દ્વારા સંચાલિત સ્ટેશનો સંબંધિત ઝોનલ રેલવેને સોંપવામાં આવશે. આ પગલા સાથે IRSDC રેલવે મંત્રાલય હેઠળની બીજી સંસ્થા છે જે બંધ કરવામાં આવશે.

→ આ અગાઉ સપ્ટેમ્બર, 2021ના રોજ ભારતીય રેલવે એ વૈકલ્પિક ઈંધણ માટે ભારતીય રેલવે સંગઠન (IROAF) બંધ કર્યું હતું.

❖ **તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયે 'દીનદયાલ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' (DAY-NARLM) હેઠળ 152 સક્ષમ કેન્દ્રો શરૂ કર્યા છે.**

→ આ કેન્દ્રો આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો ગ્રામિણ વિસ્તારોમાં સ્વ સહાય જૂથ (SHG) પરિવારોની મૂળભૂત નાણાકીય જરૂરિયાતો માટે વન સ્ટોપ સોલ્યુશન અથવા સિંગલ વિન્ડો સિસ્ટમ તરીકે કામ કરશે.

→ આ કેન્દ્રોની શરૂઆત કરવાનો ઉદ્દેશ નાણાકીય સાક્ષરતા આપવા અને ધિરાણ, બચત, પેન્શન, વીમો વગેરે જેવી નાણાકીય સેવાઓની ડિલિવરીની સુવિધા આપવાનો છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ડેન્માર્ક સ્થિત ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) એ તમિલનાડુના કોવલમ અને પુડુચેરીના ઈડન સમુદ્ર તટને 'ઈન્ટરનેશનલ બ્લૂ ફલેગ સર્ટિફિકેશન' આપ્યું છે. આ સાથે દેશમાં બ્લૂ ફલેગ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનારા સમુદ્ર તટોની કુલ સંખ્યા 10 થઈ ગઈ છે.**

→ બ્લૂ ફલેગ સમુદ્ર તટોને દુનિયાના સૌથી સાફ સમુદ્ર તટ માનવામાં આવે છે. તે એક ઈકો–ટુરિઝમ મોડલ છે, જે સમુદ્ર તટ પર આવનારા સહેલાણીઓને નહાવા માટે સ્વચ્છ અને ચોખ્ખું પાણી, અન્ય સુવિધાઓ, સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણ પ્રદાન કરવાની સાથે ક્ષેત્રના સતત વિકાસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.

→ ઈન્ટરનેશનલ બ્લૂ ફ્લેગ પ્રતિષ્ઠિત સદસ્યો સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP), સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન (UNWTO), ડેન્માર્ક સ્થિત NGO ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) અને ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) થી ગઠિત એક આંતરરાષ્ટ્રીય જ્યુરી દ્વારા પ્રદાન કરાય છે.

❖ **તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમે ઘોષણા કરી હતી કે વિશ્વમાંથી ઝેરી સીસાયુક્ત પેટ્રોલનો ઉપયોગ સંપૂર્ણ નાબૂદ કરી દેવાયો છે.**

→ આ સિદ્ધિ એ અભિયાન બાદ હાંસલ થઈ છે, જેને UNEPએ 2002માં વિષાક્ત સીસાયુક્ત (LEADED) પેટ્રોલને સમાપ્ત કરવા માટે પાર્ટનરશિપ ફોર કલીન ફ્યુઅલ્સ એન્ડ વેહિકલ્સ (PCFV) નામે શરૂ કર્યું હતું. અલ્જીરિયા દુનિયાનો આખરી દેશ છે જેણે સીસાયુક્ત પેટ્રોલનો ઉપયોગ સંપૂર્ણ બંધ કરી દીધો છે.

❖ **ભારતે પ્રથમ ઉપગ્રહ અને પરમાણુ મિસાઈલ ટ્રેકિંગ જહાજ INS ધ્રુવ લોન્ચ કર્યું.**

→ આ પ્રકારનું પ્રથમ સમુદ્રી દેખરેખ જહાજ (ઓશન સર્વેલન્સ શિપ–OSS) છે, જે લાંબા અંતરે બેલિસ્ટિક મિસાઈલોને ટ્રેક કરવા સક્ષમ છે. INS ધ્રુવને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત દોવાલે વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)થી નૌસેના પ્રમુખ કરમબીરસિંહની ઉપસ્થિતિમાં લોન્ચ કર્યું હતું.

→ INS ધ્રુવ સ્ટ્રેટેજિક ફોર્સીઝ કમાન્ડ (SFC)ના નિયંત્રણમાં કાર્ય કરશે અને ભારત–પ્રશાંત ક્ષેત્રમાં ભારતની ઉપસ્થિતિને એડનના અખાતથી મલક્કા, સુંડા, લોમ્બોક, ઓમ્બઈ અને વેટાર સામુદ્રીધુનીના માધ્યમથી દક્ષિણ ચીન સાગર સુધી આગળ ધપાવશે.

→ INS ધ્રુવનો વિકાસ હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) દ્વારા DRDO અને નેશનલ ટેકનિકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (NTRO)ના સહયોગથી કરવામાં આવ્યો છે. INS ધ્રુવની ડિઝાઈન નવી દિલ્હી સ્થિત વિક સેન્ડવિક ડિઝાઈન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (VSDI) દ્વારા કરવામાં આવી છે. તે હાઈટેક ગેજેટ્સ અને સંચાર ઉપકરણો સાથે 300 ક્રૂને લઈ જવાની ક્ષમતા છે, જે બે ડિઝલ એન્જિન દ્વારા સંચાલિત છે અને હેલિકોપ્ટર લેન્ડિંગ માટે સક્ષમ મોટું ડેક ધરાવે છે.

→ તે DRDO દ્વારા વિકસિત અત્યાધુનિક એક્ટિવ ઈલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એરે (AESA) રડારથી સજ્જ છે, જે જાસૂસી ઉપગ્રહોને સ્કેન અને મોનિટર કરી શકે છે. INS ધ્રુવ પાકિસ્તાન અને ચીનથી લોન્ચ કરવામાં આવેલી બેલિસ્ટિક મિસાઈલોની પ્રારંભિક ચેતવણી પ્રદાન કરશે.

→ INS ધ્રુવ શત્રુની સબમરીન શોધ અને તપાસ કરવા માટે સમુદ્રી તળનો નકશો બનાવવા સક્ષમ હશે.

→ નોંધનીય છે કે, INS ધ્રુવ સામેલ થતાં ભારત ઉપગ્રહ અને પરમાણુ મિસાઈલ ટ્રેકિંગ જહાજ ધરાવતા ખાસ દેશો ફ્રાન્સ, અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા અને ચીનની કલબમાં સામેલ થઈ ગયું છે.

❖ **તાજેતરમાં ભારતના પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઈન કરવામાં આવેલા હાઈ એશ કોલ ગેસિફિકેશન આધારિત મિથેનોલ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ. (BHEL), રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R & D) સેન્ટર હૈદરાબાદ, તેલંગાણામાં કરાયું હતું.**

→ પ્લાન્ટ 0.25 ટન પ્રતિદિવસ (TPD) મિથેનોલનું ઉત્પાદન કરવા માટે NITI આયોગના સમર્થનથી ડિઝાઈન કરાયો હતો.

❖ **વર્લ્ડ બેંકે અપડેટેડ ગ્રાઉન્ડસ્વેલ રિપોર્ટ 'ગ્રાઉન્ડસ્વેલ પાર્ટ 2 : એકિટંગ ઓન ઈન્ટરનલ કલાઈમેટ માઈગ્રેશન' જાહેર કર્યો છે.**

→ આ રિપોર્ટ અનુસાર, જળવાયુ પરિવર્તન 6 ક્ષેત્રો (દક્ષિણ એશિયા, લેટિન અમેરિકા, ઉપસહારા આફ્રિકા ક્ષેત્ર, પૂર્વ એશિયા અને પ્રશાંત, ઉત્તર આફ્રિકા, પૂર્વ યુરોપ અને મધ્ય એશિયા)ના 216 મિલિયનથી વધુ લોકોને 2050 સુધીમાં પોતાના જ દેશમાંથી પલાયન થાવ મજબૂર કરી શકે છે. આ રિપોર્ટ જળવાયુ પરિવર્તન અંગે વિશેષરૂપે વિશ્વના સૌથી ગરીબ લોકો પર માનવ પ્રવૃત્તિઓની અસરની યાદ અપાવે છે.

→ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આંતરિક અને બાહ્ય પ્રવાસનના હોટસ્પોટ 2030ની શરૂઆતમાં ઉભરી શકે છે અને 2050 સુધીમાં વધી શકે છે અને વધુ ઝડપી બની શકે છે.

❖ **DRDO દ્વારા આકાશ મિસાઈલનું નવું સંસ્કરણ 'આકાશ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**

→ આ મિસાઈલને ઓડિશાના ચાંદીપુર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) થી લોન્ચ કરવામાં આવી હતી.

→ તે હાલની આકાશ સિસ્ટમ કરતા સારી ચોક્કસાઈ માટે સ્વદેશી સક્રિય રેડિયો ફ્રીક્વન્સીથી સજ્જ છે. ઉંચાઈ પર નીચા તાપમાનના વાતાવરણમાં વધુ વિશ્વસનીય કામગીરી લાવવા માટે અન્ય સુધારાઓ પણ આ મિસાઈલમાં કરવામાં આવ્યા છે.

→ મિસાઈલ અને વ્યૂહાત્મક પ્રણાલી (Missile and Strategic System) ના અંતર્ગત અન્ય DRDO ની પ્રયોગશાળાઓના સહયોગથી 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગશાળા' (DRDL), હૈદરાબાદ દ્વારા આ મિસાઈલને વિકસાવવામાં આવી છે.

→ આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (SAM) પ્રહાર કરતી મિસાઈલ છે. જે અનેક દિશાઓ, અનેક લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે. આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકથી લોન્ચ કરી શકાય છે. આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત 'રાજેન્દ્ર રડાર' દ્વારા સંચાલિત છે.

❖ **તાજેતરમાં ચક્રવાત ગુલાબ બંગાળની ખાડીના કિનારે સ્થિત આંધ્રપ્રદેશ અને ઓડિશા પર ત્રાટકયું હતું.**

→ ગુલાબ ચક્રવાતનું નામ પાકિસ્તાન દ્વારા આપવામાં આવ્યું છે. જે ઉષ્ણ કટિબંધીય ચક્રવાત છે. જેને ગંભીર કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

❖ **તાજેતરમાં IIT દિલ્હીએ કવોન્ટમ ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રમાં સંશોધન પ્રવૃત્તિઓને એક સાથે લાવવા માટે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન કવોન્ટમ ટેક્નોલોજી'ની સ્થાપના કરી છે.**

→ આ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' IIT દિલ્હી ખાતે કવોન્ટમ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓમાં સુમેળ અને સુસંગતતા લાવશે અને સંશોધકોને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને અન્ય ભંડોળ એજન્સીઓ પાસેથી સહયોગ મેળવવામાં મદદ કરશે.

❖ **તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ડ્રોન આધારીત રસી વિતરણ મોડલ 'ડ્રોન રિસ્પોન્સ એન્ડ આઉટરીચ ઈન નોર્થ ઈસ્ટ' (i-Drone) નામથી લોન્ચ કર્યું છે.**

→ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ જીવન રક્ષક રસી દરેક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે આ મોડેલ તૈયાર કર્યું છે.

→ તે ભારતના મુશ્કેલ અને દુર્ગમ વિસ્તારોમાં રસી પહોંચાડવાની સુવિધા માટે રચાયેલ છે. હાલમાં ડ્રોન આધારિત ડિલિવરી પ્રોજેક્ટને મણિપુર અને નાગાલેન્ડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં લાગુ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

→ ICMR એ IIT કાનપુરના સહયોગથી ડ્રોનનો ઉપયોગ કરીને કોવિડ–19 રસી વિતરણની શકયતા હાથ ધરવાની મંજૂરી આપવામાં આવી હતી.

❖ **રશિયાએ 4 ઓકટોબર, 2021 ના રોજ પ્રથમ વખત પરમાણુ સબમરીનમાંથી હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે.**

→ ઝિર્કોન મિસાઈલ નામની આ મિસાઈલ સેવરોડવિન્સક સબમરીનથી લોન્ચ કરવામાં આવી હતી. ઝિર્કોને બેરેન્ટ્સ સમુદ્રમાં એક નિર્ધારિત લક્ષ્યને નષ્ટ કર્યું હતું.

→ આ મિસાઈલ અવાજની ઝડપ કરતા 9 ગણી ઝડપથી ઉડાન ભરવાની ક્ષમતા ધરાવે છે, જેની રેન્જ 1000 કિમીની છે.

❖ **WHO એ તાજેતરમાં 'RTS,S/AS01' નામની મેલેરિયાની રસીને મંજૂરી આપી છે.**

→ RTS,S/AS01 એ મચ્છરજન્ય રોગ સામે વિશ્વની પ્રથમ રસી છે. આ રસીનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.

→ કેન્યા, ઘાના અને મલાવી જેવા દેશોમાં 2019થી ચાલતો એક પાયલોટ પ્રોજેક્ટની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જ્યાં રસીના 20 લાખ ડોઝ આપવામાં આવ્યા હતા.

❖ **વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન (WMO)એ 5 ઓકટોબર, 2021 ના રોજ 'ધ સ્ટેટ ઓફ કલાઈમેટ સર્વિસીઝ 2021 : વોટર' નામનો પોતાનો નવો અહેવાલ બહાર પાડયો છે.**

→ WHO ના જણાવ્યા અનુસાર આબોહવા પરિવર્તનની પૂર અને દુષ્કાળ જેવા પાણી સંબંધિત જોખમોનું જોખમ વધારે છે. આ અહેવાલ મુજબ વર્ષ 2018માં વિશ્વભરમાં 3.6 અબજ લોકોને દર વર્ષે ઓછામાં ઓછા એક મહિના સુધી પાણીની અપૂરતી પહોંચ હતી. આ સંખ્યા વર્ષ 2050 સુધીમાં 5 અબજને વટાવી જાય તેવી ધારણા છે. આ રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ પરિસ્થિતમાં વધુ ખરાબ થઈ રહી છે. કારણ કે પૃથ્વી પર માત્ર 0.5 ટકા પાણી જ ઉપયોગી છે. અગાઉના બે દાયકાની સરખામણીએ વર્ષ 2000થી પૂર સંબંધિત આપત્તિઓમાં 134% વધારો થયો છે. જો કે સમાન સમયગાળા દરમિયાન દુષ્કાળની સંખ્યા અને અવધીમાં 29% નો વધારો થયો છે. આ રિપોર્ટમાં એ વાત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે દુષ્કાળ સંબંધિત મોટાભાગના મૃત્યુ આફ્રિકામાં થયા છે. આ અહેવાલ મુજબ વધતા તાપમાનના પરિણામે વૈશ્વિક અને પ્રાદેશિક વરસાદ બદલાઈ રહ્યો છે. જે વરસાદની પેટર્ન તેમજ કૃષિ સિઝનમાં ફેરફાર કરશે.

❖ **અર્ન્સ્ટ એન્ડ યંગ (EY) રિન્યુએબલ એનર્જી કન્ટ્રી આકર્ષણ ઈન્ડેક્સ તાજેતરમાં પ્રકાશિત થયો હતો.**

→ આ ઈન્ડેક્સમાં ભારતને ત્રીજા સ્થાને રાખવામાં આવ્યું છે. 'Renewalble Energy (RE) Country Attraction Index' વિશ્વના ટોચના 40 દેશોને તેમની તકો અને નવીનીકરણીય ઊર્જાના આકર્ષણના સંબંધમાં સ્થાન આપે છે. આ ઈન્ડેક્સમાં અમેરિકાએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારબાદ ચીન બીજા ક્રમે અને ભારત ત્રીજા ક્રમે છે. આ ઈન્ડેક્સ અનુસાર કોર્પોરેટ પાવર ખરીદી કરારો સ્વચ્છ ઊર્જા વૃદ્ધિના મુખ્ય પરિબળો હતા. કારણ કે પર્યાવરણીય, સામાજિક શાસનના પગલા કંપનીઓ અને રોકાણકારો માટે ટોચનો એજન્ડા બની રહ્યા છે.

❖ **NASA દ્વારા ગુરુ ગ્રહના ટ્રોજન એસ્ટરોઈડનો અભ્યાસ કરવા માટે તેનું પ્રથમ અવકાશયાન 'લુસી' (Lucy) લોન્ચ કર્યું છે.**

→ આ અવકાશયાનને Atlas V401 રોકેટ દ્વારા 'કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશન, ફલોરિડા' થી લોન્ચ કરવામાં આવ્યું છે. આ સૌરઊર્જા સંચાલિત મિશનને 12 વર્ષથી વધુ સમય લાગવાનો અંદાજ છે.

→ આ દરમિયાન અવકાશયાન 'યુવા સૌર મંડલ' વિશે શકય એટલી વધુ માહિતી મેળવવા માટે 6.3 અબજ કિ.મી. જેટલું અંતર કાપીને તે આઠ એસ્ટરોઈડની આસપાસ ફરશે.

❖ **તાજેતરમાં નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન (AIM) એ વિવિધ ડોમેન્સમાં અટલ ઈનોવેશન મિશન હેઠળ સ્થાપિત સ્ટાર્ટ–અપની સફળતાની વાર્તાઓ દર્શાવવા માટે 'Innovations for you' નામનું એક નવુ ડિજી–બુક લોન્ચ કર્યું છે.**

→ આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ આરોગ્ય સંભાળમાં નવીનતાઓ પર કેન્દ્રિત છે. જે 45 સ્ટાર્ટ–અપનું પ્રદર્શન કરે છે જેણે નવા, નવીન ઉત્પાદનો, સેવાઓ અને ઉકેલો બનાવવા માટે કામ કર્યું છે જેથી આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં ટકાઉ ભવિષ્ટ માટે માર્ગ મોકળો કરશે.

❖ **ભારતીય સેનાએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ઊભી થતી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સરહદ પર પિનાકા અને સ્મર્ચ ઈમલ્સિલ રોકેટ લોન્ચર સિસ્ટમ (MRLS) તૈનાત કરી છે.**

→ પિનાકા એક ઓટોમેટિક રોકેટ આર્ટિલરી સિસ્ટમ છે જે 38 કિ.મી. સુધીના ક્ષેત્રમાં લક્ષ્યોને લક્ષ્ય બનાવી શકે છે.

→ સંપૂર્ણપણે સ્વદેશી પિનાકા વેપન સિસ્ટમને DRDO દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. આ સિસ્ટમ સરેરાશ સમુદ્ર સપાટી પર 38 કિ.મી. તે લક્ષ્યને ભેદી શકે છે. પિનાકા રોકેટનું નામ ભગવાન શિવના ધનુષ પરથી રાખવામાં આવ્યું છે. MRLS લોન્ચર ભારતીય તોપખાના સ્ટ્રાગરનું અત્યંત શકિતશાળી શસ્ત્ર છે. 90 કિ.મી. દરવાજા સુધી ફાયર કરી શકે છે.

❖ **ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ વિક્રાંતનું ટૂંક સમયમાં ભારતીય નૌકાદળ દ્વારા કોચીમાં બીજું દરિયાઈ પરીક્ષણ કરવામાં આવશે.**

→ ભારતમાં નિર્મિત સૌથી મોટા અને સૌથી જટિલ વિમાનવાહક જહાજે આ વર્ષે ઓગષ્ટમાં પાંચ દિવસનું પ્રથમ દરિયાઈ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. વિમાનવાહક જહાજનું વજન લગભગ 40,000 ટન છે. આ યુદ્ધજહાજ લગભગ 23,000 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે અને તેમાં ભારતને એવા દેશોના પસંદગીના જૂથમાં સામેલ કરવામાં આવ્યું છે જે અત્યાધુનિક એરક્રાફ્ટ કેરિયર બનાવવાની ક્ષમતા ધરાવે છે.

→ યુદ્ધજહાજ પર મિગ–29K ફાઈટર જેટ, કામોવ–31 હેલિકોપ્ટર, MH-60R મલ્ટિરોલ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવશે. તેમાં લગભગ 1,700 લોકોની ટીમ માટે ડિઝાઈન કરવામાં આવેલા 2,300 થી વધુ કમ્પાર્ટમેન્ટ્સ છે. જેમાં મહિલા અધિકારીઓ માટે વિશેષ કેબિનનો સમાવેશ થાય છે. ભારત પાસે હાલમાં માત્ર એક જ એરક્રાફ્ટ કેરિયર છે – INS વિક્રમાદિત્ય.

- **DRDO દ્વારા બંગાળની ખાડી સ્થિત ચાંદીપુર (ઓડિશા) ખાતે 'ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ' (ITR) માંથી વિવિધ મિસાઈલ સિસ્ટમ્સના મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતી 'હાઈ–સ્પીડ એકસપાન્ડેબલ' 'અભ્યાસ' (ABHYAS) લોન્ચ કરી છે.**
  - → બંગાળની ખાડી એરિયલ ટાર્ગેટનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. વિવિધ મિસાઈલ પ્રણાલીઓના મૂલ્યાંકન માટે વાહનનો ઉપયોગ હવાઈ લક્ષ્ય તરીકે થઈ શકે છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

- **ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર સુશ્રી ઝુલન ગૌસ્વામીએ તાજેતરમાં ચાલી રહેલી ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન–ડેમાં ઈતિહાસ રચ્યો છે.**
  - → આ સાથે ઝુલન ગૌસ્વામી 600 વિકેટ પૂરી કરનાર વિશ્વના પ્રથમ મહિલા બોલર બની ગયા છે. આ ઉપરાંત તેઓ વર્તમાન ICC મહિલા વન ડે બોલરોની રેન્કિંગમાં બીજા નંબરે પણ પહોંચી ગયા છે.
  - → ઝુલન ગૌસ્વામીનો જન્મ વર્ષ 1982માં પશ્ચિમ બંગાળ રાજ્યમાં થયો હતો.
- **તાજેતરમાં નજલા બોડેન રોમધાને ટ્યૂનિશિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા છે.**
  - → વડાપ્રધાન તરીકે નિમણૂક કરતા પહેલા તેમને ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન મંત્રાલય દ્વારા વિશ્વ બેંક સાથે કાર્યક્રમો અમલમાં મુકવાની જવાબદારી સોંપવામાં આવી હતી.
- **ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બોલર મોઈન અલીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.**
  - → મોઈન અલી ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ ઓફ–સ્પિનર બોલર તથા ઓલરાઉન્ડર બેટ્સમેન છે.
- **ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમે 1 ઓકટોબર, 2021 ના રોજ 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.**
  - → ભારતીય ટીમનો સેમીફાઈનલમાં દક્ષિણ કોરિયા સામે 0-3થી પરાજય થયો હતો.
- **ગુજરાતી રંગભૂમિના પીઢ કલાકાર ઘનશ્યામ પ્રભાશંકર નાયકનું તાજેતરમાં 77 વર્ષની વયે નિધન થયું છે.**
  - → તેમનો જન્મ 12 મે, 1945 ના રોજ મહેસાણા જિલ્લાનાં વડનગર તાલુકાના ઊંઢાઈ ગામમાં થયો હતો.
  - → તેમણે બાળપણમાં ભવાઈમાં સ્ત્રીપાત્ર ભજવ્યું હતું અને ત્યારબાદ મુંબઈ જઈ રામલીલામાં બાળ કલાકાર તરીકે કામ શરૂ કર્યું હતું. તેઓએ 200 થી વધુ હિન્દી અને ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું. આ ઉપરાંત અનેક હિન્દી સિરિયલમાં પણ કામ કર્યું છે.
  - → તેમણે ગુજરાતી ફિલ્મમાં સૌપ્રથમ વર્ષ 1968માં આવેલી ફિલ્મ 'હસ્તમેળાપ'માં અભિનય કર્યો હતો. તેમણે બાળ કલાકાર તરીકેની કારકિર્દીની શરૂઆત વર્ષ 1960ની ફિલ્મ 'માસૂમ'થી કરી હતી. ત્યારબાદ તેમણે 'લજ્જા', 'હમ દિલ દે ચૂકે સનમ', 'ચાઈના ગેટ' જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે.
  - → તેમને ખરી ઓળખ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' થી મળી હતી. જેમાં તેઓ નટુકાકાનું પાત્ર ભજવતા હતા.
- **વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપ 2021માં અંશુ મલિક સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તિબાજ બન્યા છે.**
  - → સુશ્રી અંશુ મલિકનો 57 કિલોગ્રામ વેઈટ કેટેગરીની ફાઈનલમાં સુશ્રી હેલન મારોયુલિસ સામે પરાજય થયો હતો.
  - → સુશ્રી અંશુ મલિકનો જન્મ હરિયાણા રાજ્યના જીંદ જિલ્લામાં થયો હતો.
- **રામાયણ સિરિયલમાં રાવણની ભૂમિકા ભજવનાર શ્રી અરવિંદ ત્રિવેદીનું 82 વર્ષની વયે નિધન થયું છે.**
  - → તેમનો જન્મ 8 નવેમ્બર, 1938ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે થયો હતો.
  - → તેમણે સંતુ રંગીલી, કુવરબાઈનું મામેરૂ, જેસલ–તોરલ, દેશ રે જોયા દાદા પરદેશ જોયા વગેરે જેવી અનેક ગુજરાતી ફિલ્મમાં અભિનય કર્યો છે. આ ઉપરાંત 'પરાયા ધન', 'આજ કી તાજા ખબર' જેવી હિન્દી ફિલ્મમાં પણ અભિનય કર્યો છે.
  - → વર્ષ 1991માં સાબરકાંઠા જિલ્લામાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને 1996 સુધી આ પદ પર રહ્યા હતા.
- **કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે 5 ઓકટોબર, 2021ના રોજ ભૂગર્ભજળ વ્યવસ્થાપન માટે અદ્યતન 'હેલી–બોર્ન સર્વે ટેકનોલોજી' લોન્ચ કરી છે.**
  - → પ્રથમ તબક્કામાં રાજસ્થાન, પંજાબ, ગુજરાત અને હરિયાણા રાજ્યોમાં હેલી બોર્ન સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. આ સર્વે રાજસ્થાનના જોધપુર ખાતેથી 5 ઓકટોબરના રોજ શરૂ કરવામાં આવ્યો હતો.
  - → આ ટેકનોલોજી CSIR-NGRI હૈદરાબાદ દ્વારા વિકસાવવામાં આવી છે. આ અત્યાધુનિક 'હેલી સર્વે ટેકનોલોજી'નો ઉપયોગ શુષ્ક વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્ત્રોતોને મેપ કરવા માટે કરવામાં આવશે.
  - → CSIR-NGRIનું પૂરું નામ 'Council of Scienfic and Industrial Research' - 'National Geophysical Research Institute' છે.
- **જાપાનના નવા વડાપ્રધાન તરીકે ફુમિયો કેસિદાની નિમણૂંક કરવામાં આવી છે. તેઓ જાપાનના પૂર્વ વડાપ્રધાન શ્રી યોશીહિદે સુગાનું સ્થાન લેશે.**
- **તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના 27માં ચીફ જસ્ટિસ તરીકે શ્રી અરવિંદ કુમારની નિમણૂક કરવામાં આવી છે.**
  - → ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી અરવિંદ કુમારે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયધીશ શ્રી રશ્મિનભાઈ મનહરભાઈ છાયાનું સ્થાન લીધું છે.
  - → ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી અરવિંદ કુમારને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવ્યા છે.

Banking Academy

- **ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી સુનીલ છેત્રીએ 10 ઓકટોબર, 2021ના રોજ પોતાનો આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારીને બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલર શ્રી પેલેની બરાબરી કરી હતી.**
  - → શ્રી સુનીલ છેત્રીએ નેપાળ સામેની મેચમાં 77મો ગોલ કર્યો હતો. શ્રી સુનીલ છેત્રીએ ભારત માટે તેની 123મી મેચમાં આ સિદ્ધિ મેળવી છે. તેઓ 112 ગોલ સાથે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને 79 ગોલ સાથે લિયોનલ મેસ્સીની પાછળ છે.
  - → શ્રી સુનીલ છેત્રીનો જન્મ 3 ઓગષ્ટ, 1984ના રોજ તેલંગાણાના સિકંદરાબાદ ખાતે થયો હતો.
- **ભૂતપૂર્વ ઉચ્ચ શિક્ષણ સચિવ શ્રી અમિત ખરેને 12 ઓકટોબર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → તેઓ ઝારખંડ કેડરના 1985 બેચના નિવૃત્ત IAS અધિકારી છે. 'ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ' દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના અનુસારશ્રી અમિત ખરેને બે વર્ષના સમયગાળા માટે વડાપ્રધાનના સલાહકાર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.
- **તાજેતરમાં IPL-14મી સિઝનમાં ફાઈનલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવી ચેન્નઈ સુપરકિંગ્સ ચોથી વખત ચેમ્પિયન બન્યું.**
  - → IPLની ફાઈનલ મેચ દુબઈના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
  - → IPL 2021 માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ફાસ્ટ બોલર શ્રી હર્ષલ પટેલ 'પ્લેયર ઓફ ધ સિરિઝ' જાહેર થયા હતા. તેમજ તેમને પર્પલ કેપ એવોર્ડ પણ એનાયત થયો હતો.
  - → આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 635 રન બનાવનાર ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી શ્રી ૠતુરાજ ગાયકવાડને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.
- **અમિત રસ્તોગીએ 34 વર્ષ સુધી ભારતીય નૌકાદળમાં સેવા આપ્યા બાદ 'રાષ્ટ્રીય સંશોધન વિકાસ નિગમ'ના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર તરીકેની જવાબદારી સંભાળી છે.**
- **24 ઓકટોબર, 2021ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વવિખ્યાત કાર્ટૂનિસ્ટ આર.કે.લક્ષ્મણને તેમની 100મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.**
  - → તેમનો જન્મ 24 ઓકટોબર, 1921ના રોજ મૈસૂરમાં થયો હતો.
  - → આર.કે.લક્ષ્મણને તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન અનેક મહત્વપૂર્ણ પુરસ્કારો મળ્યા હતા, જેમાં 1973માં પદ્મભૂષણ પુરસ્કાર, 1984માં રેમન મેગ્સેસે એવોર્ડ અને 2008માં પત્રકારત્વ માટે લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડનો સમાવેશ થાય છે. તેમને વર્ષ 2005માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

## એવોર્ડ, પુરસ્કાર

- **ડચ મલ્ટિનેશનલ બેંકિંગ અને નાણાકીય સેવા કંપની રાબો બેંક દ્વારા જાહેર 2021ના ગ્લોબલ ડેરી ટોપ 20 રિપોર્ટ અનુસાર, ફ્રાન્સ સ્થિત ડેરી કંપની 'લેકટાલિસ' માર્કેટ કેપની બાબતે વિશ્વની નંબર 1 ડેરી કંપની બની ગઈ છે. લેકટાલિસે સ્વિત્ઝર્લેન્ડની નેસ્લેનું સ્થાન લીધું છે.**
  - → ગુજરાતની સહકારી સંસ્થા ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) અંતર્ગત કાર્યરત ભારતની પ્રસિદ્ધ સહકારી બ્રાન્ડ AMUL 18મા સ્થાને છે.
- **હુરુન રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા જાહેર પ્રથમ હુરુન ઈન્ડિયા ફયુચર યુનિકોર્ન લિસ્ટ 2021 અનુસાર, ભારત, અમેરિકા અને ચીન બાદ વિશ્વમાં ત્રીજી સૌથી મોટી યુનિકોર્ન ઈકોસિસ્ટમ બની ગઈ છે.**
  - → ભારતમાં 168 અબજ ડોલરની કિંમતના 51 યુનિકોર્ન અને 32 ગઝેલ અને 54 ચિત્તા છે. આ યાદી 2000ના દશકમાં સ્થાપિત ભારતના સ્ટાર્ટઅપનું રેન્કિંગ છે, જેની કિંમત 200 મિલિયન ડોલર (રૂ. 1,500 કરોડ) છે અને અત્યારસુધી સ્ટોક એકસચેન્જોમાં સૂચિબદ્ધ કરાઈ નથી. અમેરિકા અને ચીનમાં યુનિકોર્નની સંખ્યા ક્રમશઃ 396 અને 277 છે.
  - → Gazelle એક એવું સ્ટાર્ટઅપ હોય છે, જેની સ્થાપના 2000 બાદ કરવામાં આવી હોય, જેનું વર્તમાન મૂલ્ય 500 મિલિયન ડોલરથી 1 બિલિયન ડોલર સુધીનું હોય છે અને તે 2 વર્ષોમાં યુનિકોર્ન બનવાની ક્ષમતા ધરાવે છે.
  - → ચિત્તાનું અનુમાનિત મૂલ્ય 500 મિલિયન ડોલર સુધીનું હોય છે અને તેની 4 વર્ષમાં યુનિકોર્ન બનવાની સંભાવના હોય.
  - → બેંગલુરુ 31 સ્ટાર્ટઅપ સાથે ભારતની સ્ટાર્ટઅપ કેપિટલ છે, ત્યારબાદ દિલ્હી NCR અને મુંબઈ છે.
  - → સિંગાપુરમાં વડુમથક ધરાવતા ઓનલાઈન રીટેલ સ્ટોર જિલિંગો 310 મિલિયન ડોલરના ફંડિંગ સાથે સૌથી મૂલ્યવાન ગઝેલ છે.
- **કોવિડ–19 વેકસીનેશનમાં ગુજરાતે મોટા રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ દેખાવ દ્વારા બેસ્ટ વેકસીનેશન કોમ્બેટીંગ કોવિડ–19 એવોર્ડ મેળવવાની સિદ્ધિ મેળવી છે.**
  - → નવી દિલ્હી ખાતે આયોજિત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતને 'ઈન્ડિયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ 2021' અંતર્ગત આ ગૌરવ સન્માન કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ એનાયત કર્યું હતું. આ ઉપરાંત ઈન્ડિયા ટુ ડે ગ્રુપ દ્વારા 'હેલ્થગીરી 2021 એવોર્ડ'માં વિશેષ ગૌરવ સન્માન ભારત સરકારમાં સેવારત તત્કાલીન સચિવ અને ગુજરાત કેડરના વરિષ્ઠ સનદી અધિકારી સ્વ ગુરૂપ્રસાદ મહામાત્રાને એકમાત્ર 'Unsung Hero' તરીકે આપવામાં આવ્યું હતું.
  - → આ ગૌરવ સન્માન એવા વ્યકિત વિશેષને એનાયત કરવામાં આવે છે જેમણે કોવિડ–19 દરમિયાન નિઃસ્વાર્થ કર્તવ્ય પરાયણતા કોઈ પણ પ્રસિદ્ધ વિના કે જાહેરમાં આવ્યા સિવાય દાખવી હોય. સ્વ ગુરૂપ્રસાદ મહાપાત્રા આવી કર્તવ્યદક્ષતા નિભાવતા પોતે કોવિડ–19 મહામારીનો ભોગ બનીને દુઃખદ અવસાન પામ્યા હતા.

❖ **રાષ્ટ્રીય એકતા અને યોગદાન 2021 માટે લોકપ્રિય ગોપિનાથ બોરદોલોઈ એવોર્ડ 3 ઓકટોબર, 2021ના રોજ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.વૈંકેયા નાયડુ દ્વારા પ્રદાન કરવામાં આવ્યો હતો.**

→ પ્રસિદ્ધ લેખક શ્રી નિરોદ કુમાર બરુઆ, કસ્તુરબા ગાંધી નેશનલ મેમેરિયલ ટ્રસ્ટ અને 'શિલોંગ ગાયક મંડળી'ના સભ્યોને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર આસામનો સૌથી મોટો પુરસ્કાર છે. તેમાં 5 લાખના રોકડ પુરસ્કાર સાથે પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આ પુરસ્કાર આસામના પ્રથમ મુખ્યમંત્રી શ્રી લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈના નામથી પ્રદાન કરવામાં આવે છે.

❖ **રાજનાથ સિંહે DRDO દ્વારા આયોજિત 'ડેર ટુ ડ્રિમ 2.0' સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કર્યા હતા.**

→ વ્યકિતગત કેટેગરીમાં 22 અને સ્ટાર્ટ–અપ કેટેગરીમાં 18 સહિત 40 વિજેતાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઈનોવેટર્સ અને સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહન આપવા અને દેશમાં યુવા પ્રતિભાઓને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે 'ડેર–ટુ–ડ્રિમ 3.0' પણ શરૂ કરવામાં આવ્યું છે. ઉભરતી સંરક્ષણ અને એરોસ્પેસ ટેક્નોલોજી અથવા સિસ્ટમો વિકસાવવા માટે ભારતીય શિક્ષણવિદો, વ્યકિતઓ અને સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહન આપવા માટે DRDO દ્વારા 'ડેર ટુ ડ્રિમ' સ્પર્ધા સમગ્ર ભારતમાં શરૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધા હેઠળ DRDO 'ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ' (TDF) યોજના હેઠળ વિજેતાઓને તેમના વિચારોને સાકાર કરવા માટે તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડે છે.

❖ **તાજેતરમાં વર્ષ 2021 ના વિવિધ ક્ષેત્રોમાં નોબેલ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી.**

→ ભૌતિકશાસ્ત્રમાં 2021 નો નોબેલ પુરસ્કારનો જાપાનના શ્રી સ્યુકુરો મનાબે, જર્મનીના શ્રી કલાઉસ હેસલમેન અને ઈટાલીના શ્રી જ્યોર્જિયો પેરિસીને એનાયત થયો છે.

→ શ્રી સ્યુકુરો મનાબે અને શ્રી કલાઉસ હેસલમેનને 'પૃથ્વીની આબોહવાનું ભૌતિક મોડેલિંગ, પરિવર્તનશીલતાની ગણતરી અને ગ્લોબલ વોર્મિંગની વિશ્વસનીય આગાહી'માં તેમના કાર્ય માટે આ પુરસ્કાર એનાયત થયો છે.

→ આ પુરસ્કારનો બીજો ભાગ શ્રી જ્યોર્જિયા પેરિસીને 'Interplay of Disorder and Fluctuations in Physical Systems from Atomic to Planetary Scales'ની શોધ માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

→ રસાયણશાસ્ત્રમાં 2021નો નોબેલ પુરસ્કાર શ્રી બેન્જામિન લિસ્ટ (જર્મની) અને શ્રી ડેવિડ મેકમિલન (સ્કોટલેન્ડ, તથા US અને UKની નાગરિકતા)ને 'અસમપ્રમાણ ઓર્ગેનોકેટાલિસિસ' (Asymmetric Organocatalysis) માટે આપવામાં આવ્યો છે. તેઓએ અણુઓના નિર્માણ માટે એક નવું અને સરળ સાધન ઓર્ગેનોકેટાલિસિસ વિકસાવ્યું છે.

→ અમેરિકાના બે વૈજ્ઞાનિકો શ્રી ડેવિડ જુલિયસસ અને શ્રી ઓર્ડેમ પાટાપોટિયનને 'તાપમાન અને સ્પર્શ માટે રીસેપ્ટર્સ'ની શોધ માટે 'ચિકિત્સા–શરીર વિજ્ઞાન'નો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

→ તેમનું મુખ્ય કાર્ય મુખ્યત્વે 'સોમોટોસેન્સેશન' એટલે કે આંખ, કાન અને ચામડી જેવા વિશેષ અંગોમાં જોવાની, સાંભળવાની અને અનુભવવાની ક્ષમતા પર કેન્દ્રીત છે.

→ સાહિત્ય 2021નો નોબેલ પુરસ્કાર તાંઝાનિયાના નવલકથાકાર શ્રી અબ્દુલ ગુર્નાહને એનાયત કરવામાં આવ્યો છે. તેમને વસાહતીવાદની અસરો અને શરણાર્થીઓનું ભાવી નક્કી કરતી સંસ્કૃતિઓ અને ખંડો વચ્ચેના તફાવતોના તેમના કરુણામય ચિત્રણ માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

→ વર્ષ 2021નું શાંતિ માટેનું નોબેલ પુરસ્કાર અભિવ્યકિતની સ્વાતંત્રતાની સુરક્ષા માટે ફિલિપાઈન્સના પત્રકાર સુશ્રી મારિયા રેસા અને રશિયાના પત્રકાર શ્રી દમિત્રી મુરાતોવને એનાયત થયો છે.

→ વર્ષ 2021નો અર્થશાસ્ત્રનો પુરસ્કાર ત્રણ અમેરિકી અર્થશાસ્ત્રીઓ શ્રી ડેવીડ કાર્ડ, જોશુઆ ડી એન્ગ્રિસ્ટ અને શ્રી ગુઈડો ડબલ્યૂ ઈમ્બેન્સને એનાયત થયો છે.

→ શ્રી ડેવિડ કાર્ડને શ્રમ અર્થશાસ્ત્રમાં તેમના પ્રયોગમૂલ્ય યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો છે. જ્યારે શ્રી જોશુઆ ડી એન્ગ્રિસ્ટ અને શ્રી ગુઈડો ડબલ્યૂ ઈમ્બેન્સને 'આકસ્મિક સંબધના વિશ્લેષણમાં તેમના પદ્ધતિસરના યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો છે.

❖ **તાજેતરમાં ભારતીય સેનાની 'ગોરખા રાઈફલ્સ' (ફ્રન્ટિયર ફોર્સ)ને યુનાઈટેડ કિંગ્ડમના વેલ્સમાં યોજાયેલી 'કેમ્બ્રિયન પેટ્રોલ કવાયત'માં ગોલ્ડ મેડલ જીત્યો છે.**

→ આ કવાયત 13 ઓકટોબર થી 15 ઓકટોબર, 2021 સુધી યુનાઈટેડ કિંગ્ડમના બ્રેકન, વેલ્સમાં યોજાઈ હતી.

→ આ કવાયતના છઠ્ઠા તબક્કા સુધી ભાગ લેનાર 96 ટીમોમાંથી માત્ર ત્રણને આ વર્ષે આંતરરાષ્ટ્રીય પેટ્રોલિંગને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યા હતા.

❖ **તાજેતરમાં પરમ્બિકુલમ ટાઈગર કન્ઝર્વેશન ફાઉન્ડેશન (PaTCoF) એ 'અર્થ ગાર્ડિયન એવોર્ડ' જીત્યો છે.**

→ PaTCoF એ વન વિભાગ હેઠળની બિન–લાભકારી સંસ્થા છે. જે પરમ્બિકુલમ ટાઈગર રિઝર્વમાં વાઘ અને જૈવવિવિધતાના સંરક્ષણની સુવિધા આપે છે. અર્થ ગાર્ડિયન એવોર્ડની સ્થાપના નેટવેસ્ટ ગ્રુપ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી હતી.

❖ **રશિયાના વિપક્ષી નેતા અને રાજકીય કેદી 'અલેકસી નેવલની'ને તાજેતરમાં યુરોપિયન સંસદનું સર્વોચ્ચ સન્માન 'સખારોવ પ્રાઈઝ ફોર ફ્રીડમ ઓફ થોટ' એનાયત કરવામાં આવ્યું છે.**

→ સખારોવ પુરસ્કાર યુરોપિયન યુનિયન દ્વારા માનવાધિકાર કાર્ય માટે આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

## મહત્વના દિવસો

- **1 ઓક્ટોબર, 2021 : વિશ્વ શાકાહાર દિવસ (World Vegetarian Day)**
- **1 ઓક્ટોબર, 2021 : 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ'**
  – થીમ : 'Digital Equity for all Ages'
  – રોજગારની તકો શોધી રહેલા વરિષ્ઠ નાગરિકોને રોજગારી પૂરી પાડવા માટે, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા 'વરિષ્ઠ સક્ષમ નાગરિકો માટે પુનઃ રોજગારમાં ગૌરવ' (SACRED) પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું.
  – 60 વર્ષથી વધુ ઉંમરના નાગરિકો આ પોર્ટલ પર નોંધણી કરી રોજગાર તથા કામની તકો શોધી શકે છે.
- **2 ઓક્ટોબર, 2021 : મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન)**
- **2 ઓક્ટોબર, 2021 : શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન**
- **4 ઓક્ટોબર, 2021 : વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day)**
  – થીમ : Forest and livelihoods : Sustaining People an Planet
- **4 ઓક્ટોબર, 2021 : વિશ્વ આવાસ દિવસ (World Hebitat Day)**
  – થીમ : Accelerating Urban Action for a carbon free world
  – ઓક્ટોબર મહિનાના પ્રથમ સોમવારે આ દિવસ ઉજવવામાં આવે છે.
- **5 ઓક્ટોબર, 2021 : વિશ્વ શિક્ષક દિવસ**
  – થીમ : Teachers at the Heart of Education Recovery
- **7 ઓક્ટોબર, 2021 : વિશ્વ કપાસ દિવસ**
  – થીમ : there's more to cotton than you think
- **8 ઓક્ટોબર, 2021 : ભારતીય વાયુસેના દિવસ**
  – ભારતીય વાયુસેનાની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઈ હતી. વાયુસેનાના 89માં સ્થાપના દિન નિમિત્તે ભારતમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં આવેલા હિંડન એરબેઝ પર એરફોર્સ ડે પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.
- **9 ઓક્ટોબર, 2021 : વિશ્વ ટપાલ દિવસ (World Post Day)**
  – થીમ : Innovate to Recover
- **10 ઓક્ટોબર, 2021 : રાષ્ટ્રીય ટપાલ દિવસ (National Post Day)**
- **10 ઓક્ટોબર, 2021 : વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)**
  – થીમ : 'Mental Health in a Unequal World'
- **11 ઓક્ટોબર, 2021 : આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ**
  – થીમ : Digital Generation our Gereration
- **13 ઓક્ટોબર, 2021 : આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reduction)**
  – થીમ : 'International Cooperation for Developing Countries to Reduce their Disaster Risk and Disaster Losses'
- **14 ઓક્ટોબર, 2021 : આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસ**
  – થીમ : Consumer is the key to circular Economy
- **14 ઓક્ટોબર, 2021 : વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ (World Standards Day)**
  – થીમ : Standards for sustainable development goals – a shared vision for a better future.
- **15 ઓક્ટોબર, 2021 : વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Student's Day)**
  – થીમ : Learning for People, Planet, Prosperity and Peace.
- **15 ઓક્ટોબર, 2021 : આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ (International Day of Rural Women)**
- **16 ઓક્ટોબર, 2021 : વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)**
- **16 ઓક્ટોબર, 2021 : વિશ્વ ખાદ્ય દિવસ**
  – થીમ : Safe food now for a healthy tommorrow
- **17 ઓક્ટોબર, 2021 : 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'**
  – થીમ : Building forward Together : Ending Persistent Poverty, Respecting all People and our Planet
- **17 ઓક્ટોબર, 2021 : 'ડિજિટલ સોસાયટી દિવસ'**
- **19 ઓક્ટોબર, 2021 : 'મનુષ્ય ગૌરવ દિન'**